પાના ૮, કિંમત રૂ.૨, તા. ૨૩-૦૨-૨૦૨૬-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૧ ● અંક : ૬૨ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# હવાઈ સેના દ્વારા ૩૦ તેજસ વિમાનો ગ્રાઉન્ડ કરાયા

## તેજસ વિમાનની બ્રેક ફેલ થતા રનવે પરથી આગળ નીકળી જતા અકસ્માત સજાર્યા બાદ વાયુ સેનાએ કરેલો નિર્ણય

**નવી દિલ્હી, તા. ૨૩**

ઈન્ડિયન એર ફોર્સ (IAF) નું હળવું લડાકુ વિમાન તેજસ લેન્ડિંગ દરમિયાન રનવે પરથી આગળ નીકળી ગયું. પ્રાથમિક તપાસમાં બ્રેક ફેલ થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ન્યૂઝ એજન્સીએ સૂત્રોના હવાલેથી જણાવ્યું કે ઘટના ૭ ફેબ્રુઆરીની છે. માહિતી હવે સામે આવી છે.

વિમાન ટ્રેનિંગ ઉડાન પછી એરબેઝ પર પાછું ફરી રહ્યું હતું. લેન્ડ કરતા જ પાયલટે બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો. જ્યારે બ્રેક ન લાગી ત્યારે વિમાન રનવે પરથી બહાર નીકળી ગયું. દુર્ઘટના પહેલા પાયલટ સુરક્ષિત બહાર નીકળી ગયો. વિમાનને નુકસાન થયું છે. અકસ્માત કયા એરબેઝ પર થયો, તેની માહિતી સામે આવી નથી.

સૂત્રોએ જણાવ્યું કે આ ઘટના પછી, એરફોર્સે લગભગ ૩૦ સિંગલ-સીટ તેજસ જેટના આખા કાફલાને ટેકનિકલ તપાસ માટે ગ્રાઉન્ડ કરી દીધા. એટલે કે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી વિમાન ઉડાન ભરશે નહીં. અકસ્માત પર IAF તરફથી કોઈ ઓફિશિયલ નિવેદન આવ્યું નથી.તેજસ જેટ સાથે સંકળાયેલો આ ત્રીજો અકસ્માત છે. પહેલો અકસ્માત માર્ચ ૨૦૨૪ માં થયો હતો, જ્યારે જેસલમેર પાસે એક તેજસ જેટ ક્રેશ થઈ ગયું હતું. બીજો અકસ્માત નવેમ્બર ૨૦૨૫ માં થયો હતો જ્યારે દુબઈ એરશોમાં એરિયલ ડિસ્પ્લે દરમિયાન એક તેજસ જેટ ક્રેશ થઈ ગયું હતું.

ગયા વર્ષે નવેમ્બરમાં દુબઈ એર શોમાં ભારતીય વાયુસેનાનું તેજસ ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું હતું. અકસ્માત અલ મકતૂમ એરપોર્ટ પર ચાલી રહેલા એર શોમાં એક ડેમો ફ્લાઈટ દરમિયાન થયો હતો.

વિમાન પડતાં જ તેમાં આગ લાગી ગઈ અને એરપોર્ટ ઉપર કાળા ધુમાડાના ગોટેગોટા જોવા મળ્યા. એરફોર્સે જણાવ્યું કે અકસ્માતમાં પાઈલટનું પણ મૃત્યુ થયું. જીવ ગુમાવનાર વિંગ કમાન્ડર નમાંશ સ્યાલ હિમાચલ પ્રદેશના કાંગડાના રહેવાસી હતા.રાજસ્થાનના પોખરણમાં 'ભારત શક્તિ યુદ્ધાભ્યાસ'માં સામેલ તેજસ ફાઈટર જેટ માર્ચ ૨૦૨૪માં ક્રેશ થઈ ગયું હતું. તે જેસલમેર શહેરથી ૨ કિમી દૂર જવાહર નગરમાં આવેલી ભીલ સમાજની હોસ્ટેલ પર પડ્યું હતું. તેજસના ક્રેશ થવાની આ પહેલી ઘટના હતી. એન્જિન ફેલ થવાને કારણે આ ફાઈટર જેટ ક્રેશ થયું હતું. પાઈલટે ઈજેક્શન પહેલાં ગ્રાઉન્ડ સ્ટાફને એન્જિનમાં આવેલી ખરાબી વિશે જણાવ્યું પણ હતું.



# અફઘાનિસ્તાનમાં ૮૦ લડવૈયાઓ માર્યા ગયા હોવાનો પાક.નો દાવો

### અફઘાનિસ્તાને કહ્યું હુમલામાં ૧૬ નાગરિકો માર્યા ગયો

**નવી દિલ્હી, તા. ૨૩**

પાકિસ્તાનના નાયબ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ સોમવારે જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના ઠેકાણાઓ પર કાર્યવાહી કરવામાં આવી હતી. તેમના મતે ઓછામાં ઓછા ૭૦ લડવૈયાઓ માર્યા ગયા હતા.

બાદમાં પાકિસ્તાની મીડિયા ડોને દાવો કર્યો હતો કે મૃત્યુઆંક વધીને ૮૦ થઈ ગયો છે. જોકે, સરકારે આ દાવાના સમર્થનમાં કોઈ પુરાવા જાહેર કર્યા નથી.જોકે, પાકિસ્તાની સેનાએ રવિવારે વહેલી સવારે અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં હવાઈ હુમલા કર્યા હતા. સેનાએ જણાવ્યું હતું કે TTP અને ઈસ્લામિક સ્ટેટ (IS) સાથે સંકળાયેલા ૭ કેમ્પને નિશાન બનાવવામાં આવ્યા હતા.પાકિસ્તાન સરકારે તેને તાજેતરના આત્મઘાતી હુમલાઓ પછીનો વળતો હુમલો ગણાવ્યો હતો. પાકિસ્તાને કહ્યું, 'અમારી પાસે પાકા પુરાવા છે કે આ હુમલા અફઘાનિસ્તાનની ધરતી પરથી કાર્યરત નેટવર્ક દ્વારા કરાવવામાં આવ્યા હતા.'જ્યારે અફઘાનિસ્તાન સરકારે કહ્યું કે હુમલામાં નિર્દોષ નાગરિકોને નિશાન બનાવવામાં આવ્યા હતા. મીડિયા ચેનલ ટોલો ન્યૂઝ અનુસાર, હુમલામાં નાંગરહારના એક ઘરને નિશાન બનાવવામાં આવ્યું હતું, જેના કારણે એક જ પરિવારના ૨૩ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.અમેરિકી માનવાધિકાર સંગઠન ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ ફાઉન્ડેશન (IHRF) અનુસાર, તેમાં ૧૬ લોકોના મોત થયા હતા. તેમાં મહિલાઓ અને બાળકોનો પણ સમાવેશ થાય છે.

અનુસંધાન પાના ૭ પર

# નેપાળમાં સવારે મુસાફર બસ હાઈ-વે પરથી નદીમાં ખાબકતા ૧૮નાં મોત

### મૃતકોમાં બે વિદેશી નાગરિકોનો સમાવેશ : ૨૫ યાત્રી ઘાયલ

**નવી દિલ્હી, તા. ૨૩**

નેપાળના ધાદિંગ જિલ્લામાં સોમવારે વહેલી સવારે એક પેસેન્જર બસ હાઈવે પરથી નદીમાં ખાબકી. નેપાળી મીડિયા અનુસાર, આ અકસ્માતમાં ૧૮ લોકોના મોત થયા છે, જ્યારે ૨૫ લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં એક પુરુષ અને એક મહિલા વિદેશી નાગરિકનો સમાવેશ થાય છે. જોકે, તેઓ ક્યા દેશના હતા અને તેમના નામ હજુ સામે આવ્યા નથી.પોલીસ દળ (APF) અનુસાર, અત્યાર સુધીમાં ૧૭ મૃતદેહો મળી આવ્યા છે. બાદમાં અન્ય એક મુસાફરના મોતની પુષ્ટિ થઈ, જેનાથી મૃત્યુઆંક ૧૮ પર પહોંચી ગયો. અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને બચાવીને અલગ-અલગ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. મૃતકો અને ઘાયલોની ઓળખ હજુ સુધી થઈ શકી નથી.

બસ (Ga 1 Kha ૧૪૨૧) પોખરાથી



# દિલ્હી ખાતે અરૂણાચલની ત્રણ મહિલાઓ પર વંશીય ટિપ્પણી

### પડોશી મહિલાએ ધંધાવાળી કહી અપમાન કરતા પોલીસ ફરિયાદ

**નવી દિલ્હી, તા. ૨૩**

દિલ્હીના માલવિયાનગરમાં ભાડે રહેતી અરુણાચલ પ્રદેશની ૩ મહિલાઓ પર જાતિવાદી ટિપ્પણીઓ અને ગાળાગાળી કરવામાં આવી. ઘટના ૨૦ ફેબ્રુઆરીની છે, માહિતી હવે સામે આવી છે. ખરેખર, આખો વિવાદ ગંદકી ફેલાવવાને લઈને થયો હતો. જે પછી પડોશીઓએ નોર્થઈસ્ટની મહિલાઓને 'મોમો' કહી.

એટલું જ નહીં, એક આરોપી મહિલાએ પીડિતાઓને 'ધંધાવાળી' પણ કહી અને મસાજ પાર્લર ચલાવવાનો આરોપ લગાવ્યો. ઘટનાનો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં આરોપી મહિલા કહે છે કે, તેનો પતિ કેટલો યુવાન છે તે જાણવું હોય તો મારા પતિ સાથે બેડરૂમમાં જતી રહે.પીડિતાઓની ફરિયાદ પર પોલીસે FIR નોંધી લીધી છે. બીજી તરફ, મેઘાલયના સીએમ કે. સંગમાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને કહ્યું કે નોર્થઈસ્ટના લોકો સાથે ભેદભાવ બંધ થવો જોઈએ.ખરેખર, અરુણાચલ પ્રદેશની ત્રણ મહિલાઓ દિલ્હીના માલવીય નગરમાં ભાડે રહે છે. તેમનો ફ્લેટ ચોથા માળે છે. ૨૦ ફેબ્રુઆરીના રોજ, મહિલાઓએ બપોરે લગભગ ૩.૩૦ વાગ્યે

અનુસંધાન પાના ૭ પર

# સર્વેનું તારણ : માત્ર ૩ ટકા ભારતીયો જ દેશની બુરાઈ કરે છે

### ■ મોટા ભાગના લોકો કલા, સંસ્કૃતિ , ભોજન પર ગૌરવ અનુભવે છે

**વોશિંગ્ટન, તા. ૨૩**

એક સર્વેક્ષણમાં રસપ્રદ હકીકત બહાર આવી છે કે, ભારતીયોને પોતાના દેશ પ્રત્યે બધાથી ઓછી ફરિયાદ છે! તે બીજા દેશોનાં લોકોની તુલનામાં પોતાના દેશ વિશે ખરાબ ઓછુ બોલે છે. રિપોર્ટ મુજબ ૩ ટકા ભારતીયો જ નકારાત્મક વિચારધારા વાળા છે જયારે બ્રિટનમાં આવા લોકો ૨૯ ટકા અને અમેરિકામાં ૨૦ ટકા છે.

આ રિપોર્ટ વ્યુ રિચર્સ સેન્ટરે ૨૫ દેશોનાં ૩૦ હજાર નાગરિકોનો સર્વે કર્યા બાદ જાહેર કર્યો છે. આ સર્વેમાં પૂછવામાં આવ્યું હતું કે તેમને પોતાના દેશની કઈ વાત પર ગર્વ છે ૬૫ ટકા ભારતીયોએ અલગ-અલગ શ્રેણીમાં ગૌરવ લેવાની વાતોની જાણકારી આપી હતી.૩૧ ટકાએ કાં તો જવાબ નથી આપ્યો અથવા તે જાણતા જ નહોતા કે શું કહે.અનેક દેશોમાં લોકોને કલા, સંસ્કૃતિ, જીવન શૈલી, ઈતિહાસ જેવી બાબતો પર પણ ગૌરવ છે.ભારતીયોમાં દેશ પર ગૌરવ કરવું રાજનીતિક વિચારધારાથી ઉપર છે. અહી પક્ષ-વિપક્ષ પાર્ટીઓને લઈને લોકોમાં નકારાત્મકતાનો ભાવ એક ટકો અને ચાર ટકા જોવા મળ્યો. જયારે અમેરિકામાં રાજનીતિક વિભાજન જોવા મળ્યું. જયાં બન્ને પક્ષોમાં ૨૩ ટકાનું મોટુ અંતર જોવા મળ્યું.ભારતીયો પોતાની પસંદમાં એટલા જ વિવિધ છે જેટલા તેઓ એક વ્યકિત તરીકે છે. રિપોર્ટમાં જોવામાં આવ્યું છે કે ભારત, કેનેડા, ઈન્ડોનેશીયા, દક્ષિણ આફ્રિકા, સ્પેન જેવા દેશોમાં લોકો એ બાબત ગૌરવ અનુભવે છે કે તેમના દેશમાં અનેક પ્રકારની ભાષા બોલે છે.સાથી દેશવાલ કે લોકો માટે ૧૦ ટકા, અર્થ વ્યવસ્થા અને રાજનીતિક માટે ૮ ટકા, કલા સંસ્કૃતિ માટે ૭ ટકા, ધર્મ માટે ૫ ટકા, રક્ષાક્ષેમ માટે ૩ ટકા, કાયદો-સુરક્ષા માટે ૨ ટકા લોકો ગૌરવ અનુભવે છે.રસપ્રદ વાત એ છે કે કોઈએ ક્રિકેટ કે ભારતીય વાનગી માટે ગૌરવ નથી અનુભવ્યું! જાપાનમાં ૪૧ ટકાને પોતાના લોકો પર ગ્રીસમાં ૩૭ ટકા લોકોને પોતાના ઈતિહાસ પર, ફ્રાન્સમાં ૨૬ ટકા લોકોને કલા સંસ્કૃતિ પર અમેરિકામાં ૨૨ ટકા લોકોને આઝાદી પર અને ઈન્ડોનેશીયામાં ૩૦ ટકા લોકોને વિવિધતા અને બહુ સંસ્કૃતિ વાદ પર ગૌરવ છે.

# ઉત્તર ભારતમાં હિમ વર્ષા, ધુમ્મસ, રાજસ્થાન, ઝારખંડમાં આકરો તાપ

**નવી દિલ્હી, તા. ૨૩**

દેશમાં ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં ૩ પ્રકારનું હવામાન ચાલી રહ્યું છે. ઉત્તર ભારતમાં હિમવર્ષા અને ધુમ્મસની અસર છે. મેદાની રાજ્યોમાં દિવસનું તાપમાન ૩૪નો આંકડો પાર કરી ગયું છે. જ્યારે પૂર્વ અને પશ્ચિમના ૧૦ રાજ્યોમાં વરસાદનું એલર્ટ છે.

રાજસ્થાનના બાડમેર, ઝારખંડના સરાયકેલા અને ચાઈબાસામાં ફેબ્રુઆરીમાં જ પારો ૩૪ ડિગ્રીનો આંકડો પાર કરી ગયો છે. આ તરફ, દક્ષિણ-પશ્ચિમ

અનુસંધાન પાના ૭ પર

# રાજકોટના જંગલેશ્વરમાં મેગા ડીમોલીશન

### દોઢ હજાર પોલીસ કર્મઓની સુરક્ષા વચ્ચે ગેરકાયદે ૧૪૮૯ પૈકીના ૩૦૦ દબાણોનો સફાયો





**રાજકોટ, તા. ૨૩**

રાજકોટના ઈતિહાસનું સૌથી મોટુ ડિમોલીશન 'ઓપરેશન જંગલેશ્વર' આજે વહેલી સવારથી મહાપાલિકા અને પોલીસ તંત્રના વિશાળ કાફલાએ શરૂ કરી દીધુ છે. સંવેદનશીલ અને અમુક ભાગમાં અસામાજિક પ્રવૃત્તિ માટે સૌરાષ્ટ્રભરમાં જાણીતા બનેલા જંગલેશ્વરમાં ૧૪૮૯ બાંધકામો હટાવવા સરકારે થોડા સમય પહેલા લીલી ઝંડી આપતા આજે આ કામગીરી શરૂ થઈ છે.

નદીના પુરના વહેણમાં આવતી આજી નદી પટની ૫૫ હજાર ચો.મી. અને ૧૫ મીટરના ટીપી રોડની ૩૨૦૦૦ ચો.મી. જગ્યા પરના આ બાંધકામો હટાવવાની તૈયારી વચ્ચે ગઈકાલે સાંજ સુધીમાં ૧૦૨૬ આસામીઓ સ્વૈચ્છિક દબાણો હટાવી લીધાનું અથવા જગ્યા ખાલી કર્યાનું મનપાએ જણાવ્યું હતું.આજે સવારે મ્યુનિ. કમિશ્નર તુષાર સુમેરાએ 'સાંજ સમાચાર'ને જણાવ્યું હતું કે સવારે ૭.૩૦ આસપાસ કાર્યવાહી શરૂ થઈ ગઈ હતી. ૧૦.૧૫ વાગ્યા સુધીમાં ૩૦૦થી વધુ બાંધકામો બુલડોઝરથી હટાવી દેવામાં આવ્યા છે. આજે મોડી સાંજ સુધીમાં મોટા ભાગની કામગીરી પુરી થઈ જાય તેવી શકયતા છે. આ અંગે સરકારને સતત રીપોટ'ગ કરાઈ રહ્યું છે.રાજકોટ મહાનગરપાલિકાના ઈતિહાસનું સૌથી મોટુ મેગા ડિમોલીશન જંગલેશ્વર વિસ્તારમાં આજે શરૂ થતા સમગ્ર જંગલેશ્વર વિસ્તારને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. દરેક ઝોનમાં વર્ગ-૧ના અધિકારી મુકાયા છે. આ કામગીરી પર ૨૫ ડ્રોન કેમેરા અને ૩૦ વોકીટોકી સેટ દ્વારા નજર રાખવામાં આવી રહી છે. મેગા ડિમોલીશન માટે મહાનગરપાલિકા દ્વારા વિશેષ કંટ્રોલ રૂમ સ્થાપિત કરવામાં આવ્યો છે. જયાંથી મનપા કમિશ્નર તુષાર સુમેરા સમગ્ર કામગીરીનું સતત મોનીટરીંગ કરી રહ્યા છે. સવારે ૭ વાગ્યાથી શેઠ હાઈસ્કુલ ખાતેથી વિવિધ ટીમો રવાના કરવામાં આવી હતી. આ ઓપરેશનમાં ૧૧૩૦થી વધુ સ્ટાફ તૈનાત છે અને શહેરના તમામ આઈએએસ તથા આઈપીએસ અધિકારીઓ સ્થળ પર છે. મનપા અને પોલીસ તંત્ર દ્વારા આ ઓપરેશનની તૈયારીઓ કરવામાં આવી છે. સંપૂર્ણ પોલીસ બંદોબસ્ત હેઠળ આ કામગીરી દોઢ હજાર જેટલા કર્મચારીઓ, પોલીસ જવાનો, મનપાના તમામ વિભાગના વર્ગ-૧થી માંડી વર્ગ-૩ના કર્મચારીઓ સામેલ છે. મનપાએ જાતે દબાણ હટાવનાર લોકો માટે સામાન ફેરવવા ટ્રેકટરની વ્યવસ્થા પણ કરી હતી. ત્રણ દિવસથી કોર્પો.ના ડે.કમિશ્નર સહિતના અધિકારીઓની ટીમ વિસ્તારોમાં ફરી રહી છે. ટીપી, ફાયર, સોલીડ વેસ્ટ, બાંધકામ, રોશની, આરોગ્ય વિભાગ સહિતની ટીમો જંગલેશ્વરમાં આજે સવારમાં પહોંચી ગઈ હતી દબાણકારોને હાઈકોર્ટમાંથી સ્ટે ન મળતા અને જાતે બાંધકામો દુર કરવા લાગતા એક રીતે વિસ્તાર ખાલી કરાવવાની કામગીરી શરૂ થઈ ચૂકી હતી.ઓપરેશન પર કંટ્રોલ રૂમમાંથી નજર રાખવા સાથે ૨૫ ડ્રોન કેમેરા, ૩૦ વોકીટોકી સેટ પણ અધિકારીઓને આપવામાં આવ્યા છે. ૮૦ ફુટ રોડ પર સોરઠીયા વે-બ્રીજથી જમણી બાજુ જંગલેશ્વરમાં પ્રવેશી, અંદરથી નિલકંઠ સિનેમા પાછળના વિસ્તાર, નિલકંઠ પાર્ક, કોઠારીયા રોડ પર કેદારનાથ સોસાયટીના ગેટ પાછળના વિશાળ વિસ્તારમાં આ દબાણો પથરાયેલા છે.

આ કાર્યવાહી દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ

અનુસંધાન પાના ૭ પર

# સહેલાઈથી મળતું ધિરાણ અને આધૂનિક લાઈફ સ્ટાઈલ વિલન

### નવું ધિરાણ લેનાર ગ્રાહકોમાં ૪૧ ટકા જેન-ઝીનો સમાવેશ

**નવી દિલ્હી, તા. ૨૩**

દેશમાં વધી રહેલા ક્રેડીટ કલ્ચરમાં ખાસ કરીને ઉંચા પગારધારી યુવા વર્ગના કર્મચારીઓ સતત ફસાઈ રહ્યા છે. સરળતાથી મળતા બેન્ક સહિતના ધિરાણ અને આધુનિક જીવનની જરૂરીયાતો આ તમામને કારણે દેશમાં ૩૦ હજારના પગારદારને પણ ૪૦ લાખ જેવી લોન મળી રહે છે અને તેને કારણે હપ્તા ન ભરવા અને ચેક બાઉન્સના કેસો પણ વધવા લાગ્યા છે.

પોતાના માસિક પગારથી કેટલા ગણી લોન લેવી તેનો કોઈ અંદાજ ન હોવાથી આ પરિસ્થિતિ સર્જાઈ છે. ઈકોનોમીક ટાઈમ્સના રીપોર્ટ મુજબ ૨૫ થી ૩૫ વર્ષના યુવાઓ આ પ્રકારે દેવાની જાળમાં ફસાઈ રહ્યા છે. ૧૯૯૭ થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી પેઢી જેને જુમર્સ તરીકે ઓળખવામાં આવી છે તે આ પ્રકારના ધિરાણ લેવામાં અવ્વલ નંબરે છે.

વાસ્તવમાં હાલમાં જે રીતે બોલીવૂડના અભિનેતા રાજપાલ યાદવને જેલમાં જવું પડ્યું તેમાં તેણે પોતે ક્ષમતા કરતા અનેકગણું વધુ ધિરાણ મેળવીને ફિલ્મ બનાવી હતી જે ફ્લોપ જતાં તેના માટે રિ-પેમેન્ટ મુશ્કેલ બન્યું હતું. પરંતુ પગારદાર કર્મચારીએ ફક્ત પોતાની લાઈફ સ્ટાઈલને વધુ બહેતર બનાવવા ગેઝેટ ખરીદી અને વિક એન્ડમાં નાના પ્રવાસથી લઈ વિદેશમાં ક્રિસ્મસ અને તહેવાર ઉજવવાનું જે ચલણ વધી રહ્યું છે તેના કારણે આ પરિસ્થિતિ સર્જાઈ છે.

મોબાઈલ એપ પર સરળતાથી લોન મળી રહેશે, કોઈ ગેરેન્ટી આપવી પડતી નથી અને પ્રોસેસીંગ પણ સરળ છે. સીબીલના એક રીપોર્ટ મુજબ જનરેશનએ નવા ક્રેડીટ મેળવનાર ગ્રાહકોમાં ૪૧ ટકાનો હિસ્સો ધરાવે છે. જુન ૨૦૨૫ સુધીમાં એનબીએફસી ફીનટેક એટલે કે બેન્ક સિવાયની જે નોન બેન્કીંગ કંપનીઓ છે તેના

અનુસંધાન પાના ૭ પર

# કાર્ડ દ્વારા ૧૦ લાખથી વધુની લેવડ દેવા આઈટીની નજરમાં

### ૧લી એપ્રિલથી મોટા વ્યવહારોની માહિતી ઈન્કમટેક્સને મળશે

**નવી દિલ્હી, તા. ૨૩**

દેશમાં આગામી ૧ એપ્રિલથી લાગુ થનારા નવા આવકવેરા નિયમોમાં ક્રેડીટકાર્ડ સંબંધી પણ મહત્વના ફેરફારો થવાના છે જે વિશે ઈન્કમટેકસ વિભાગે ડ્રાફટ જાહેર કર્યો છે. ડીજીટલ લેવડદેવડને પારદર્શક બનાવીને ટેકસચોરી રોકવાનો ઉદ્દેશ છે દરેક મોટા નાણાંકીય વ્યવહારોની માહિતી ઈન્કમટેકસને મળે તેવી જોગવાઈ કરવામાં આવી છે.આવકવેરા કાયદાના મુસદ્દાને મંજુરીને પગલે ૧લી એપ્રિલથી ૧૯૬૨ ના સ્થાને નવા નિયમો લાગુ થશે તેનો અમલ થયા બાદ ક્રેડીટ કાર્ડ યુઝરોએ પોતાના ખર્ચ તથા ટેકસ ચુકવણીની પ્રક્રિયામાં બદલાવ કરવો પડશે.

અનુસંધાન પાના ૭ પર


# સુરત ખાતે રાષ્ટ્રીય પુસ્તક મેળો, હોર્ટિકલ્ચર મેળો- ફ્લાવર શો અને શિલ્પગ્રામ મેળાને ખુલ્લો મૂકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

## પુસ્તક, પુષ્પ અને કલાનો ત્રિવેણી સંગમ: સુરતીઓ ૧ માર્ચ સુધી સાહિત્ય, શિલ્પ અને પ્રકૃતિના ઉત્સવને માણશે

સુરત, તા.૨૩

સુરત મહાનગરપાલિકા દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના મેદાનમાં આયોજિત 'સ્વામી વિવેકાનંદ રાષ્ટ્રીય પુસ્તક મેળો, હોર્ટિકલ્ચર મેળો- ફ્લાવર શો, શિલ્પગ્રામ મેળો અને ફૂડ ફેસ્ટિવલ'ને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં ઉદ્ઘાટન કર્યું હતું. આગામી ૧ માર્ચ સુધી ચાલનારા આ ત્રિવિધ મેળા દ્વારા સુરતની જનતાને સાહિત્ય, બાગાયત અને હસ્તકલાનો અનોખો સંગમ એક જ સ્થળે જોવા, જાણવા અને માણવા મળશે.

મુખ્યમંત્રીશ્રીએ મેળાને ખુલ્લો મૂક્યા બાદ વિવિધ સ્ટોલ્સની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે તેમણે વડાપ્રધાન



શ્રી નરેન્દ્ર મોદી લિખિત પુસ્તકો અને અન્ય લેખકો દ્વારા વડાપ્રધાનશ્રી પર લખાયેલા પુસ્તકો અને તેમના સુશાસન પર આધારિત વિશેષ 'થીમ પેવેલિયન' વિઝનરી'સ વોલ્ટ: વર્ડ્સ ધેટ બિલ્ડ નેશન'ની મુલાકાત લઈ પ્રદર્શિત સાહિત્યને રસપૂર્વક નિહાળ્યું હતું.

દર મહિનાના છેલ્લો રવિવારે વડાપ્રધાનશ્રી આકાશવાણી દ્વારા 'મન કી બાત' કરે છે, ત્યારે મુખ્યમંત્રીશ્રીએ સેમિનાર હોલમાં મહાનુભાવો અને સુરતવાસીઓ સાથે વડાપ્રધાનશ્રીના લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ની ૧૩૩મી કડીનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.આ પ્રસંગે મેયર દક્ષેશભાઈ માવાણી, ધારાસભ્ય સર્વ શ્રી મનુભાઈ પટેલ, સંદિપભાઈ દેસાઈ, અરવિંદભાઈ રાણા, કિશોરભાઈ કાનાણી, સંગીતાબેન પાટીલ, જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધી, મ્યુ. કમિશનર એમ.નાગરાજન, ડે. મેયર ડો.નરેન્દ્ર પાટીલ, સ્થાયી ચેરમેન રાજન પટેલ, શાસક પક્ષના નેતા શશીબેન ત્રિપાઠી, શહેર સંગઠન પ્રમુખ પરેશ પટેલ, પદાધિકારીઓ, કોર્પોરેટરો અને પુસ્તકપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રથમ દિવસે જ પુસ્તકપ્રેમી સુરતીઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો

### ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓનો આસ્વાદ માણી શકાશે

ઉધના મગદલ્લા રોડ, ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં VNSGU ના ગ્રાઉન્ડમાં આયોજિત અને સાહિત્ય સાથે પ્રકૃતિ અને કલાને જોડતા, વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપતા ભવ્ય પુસ્તકમેળાના પ્રથમ દિવસે જ પુસ્તકપ્રેમી સુરતીલાલાઓનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો.

રાષ્ટ્રીય પુસ્તક મેળામાં ૧૧ ડોમ છે. જે પૈકી બુક ફેર માટે ૫ ડોમ અને તેમાં કુલ બુક સ્ટોલની સંખ્યા ૬૩ છે. ૧ ડોમમાં ફુડ ઝોન રહેશે જેમાં ૩૬ સ્ટોલ છે. શિલ્પગ્રામ માટે ૧ ડોમમાં ૪૪ સ્ટોલ, પ્લાન્ટેશન માટે ૪ ડોમ જેમાં ૪૦ સ્ટોલ છે. મેળાના મધ્ય ભાગમાં ૮૦૦ ચો.મી. વિસ્તારમાં ફલાવર શોનું નિર્માણ કરાયું છે. સાથોસાથ એક ડોમમાં ફૂડ ફેસ્ટિવલમાં વિવિધ વાનગીઓનો આસ્વાદ માણી શકાશે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા લિખિત પુસ્તકો તથા તેમના જીવન-કવન, કાર્યો, સુશાસન અને વિચારધારા પર અન્ય લેખકો દ્વારા લખાયેલ વૈવિધ્યપૂર્ણ પુસ્તકોનું પ્રદર્શન તથા વેચાણ એક વિશેષ થીમ પેવેલિયનમાં કરાશે. જેમાં નમો રીડિંગ કોર્નર, લેટર્સ ટુ પીએમ સેક્શન પણ ઉભા કરાયા છે.

**હોર્ટિકલ્ચર ફેર અને ફ્લાવર શો આકર્ષણનું કેન્દ્ર**

બાગાયત મેળામાં ગુજરાત અને મહારાષ્ટ્રની ૪૦ નર્સરીઓના સ્ટોલ છે. શહેરીજનો આ ૪૦ સ્ટોલમાંથી વિવિધ ૪૫ જાતિના ફુલ-છોડ, બાગાયતી સાધનો અને કુંડાઓ વ્યાજબી ભાવે મેળવી શકશે. ફલાવર શોમાં સરકારની વિવિધ યોજનાઓથી શહેરીજનો માહિતગાર થાય તે હેતુથી ફુલ-છોડથી સુશોભિત પી.એમ. આવાસ યોજના, પી.એમ. જનઆરોગ્ય યોજના, પી.એમ. સૂર્યઘર યોજના, જલશક્તિ અભિયાન, મેટ્રોસિટી, ૦૨ સેલ્ફી પોઈન્ટ અને ૦૨ ગેટ (એન્ટ્રી-એક્ઝીટ) મળી કુલ ૦૮(આઠ) વૈવિધ્યસભર સ્ટ્રકચરોને રંગબેરંગી ફુલોથી શણગારી પ્રદર્શિત કરાયા છે.

**શિલ્પ ગ્રામ મેળામાં હસ્તકલા અને હાથશાળના કારીગરોની કલા જોવા મળશે**

શિલ્પગ્રામ મેળામાં વિવિધ હસ્તકલા અને હાથશાળના કારીગરોની વિશિષ્ટ કલાત્મક ચીજવસ્તુઓ જેવી કે કચ્છી જવેલરી, એમ્બ્રોઈડરી, શંખમાંથી નિર્મિત વસ્તુઓ, શો-પીસ, તોરણ, બીડ વર્કનું વેચાણ કરાશે.

અનુસંધાન પાના ૭ પર



# સુરત કેન્દ્રીય વિદ્યાલય નંબર ત્રણ દ્વારા વિશ્વ વિચાર દિવસની ઉજવણી

## લોર્ડ રોબર્ટ બેડન-પોવેલને પુષ્પાંજલી અર્પણ કરાઈ

સુરત, તા.૨૩

કેન્દ્રીય વિદ્યાલય ONGC સુરત દ્વારા ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ૨૦૨૫-૨૬ સત્રના ભાગ રૂપે વિશ્વ વિચાર દિવસની ઉજવણી ખૂબ જ ઉત્સાહથી કરવામાં આવી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓમાં સ્કાઉટ-ગાઈડ ચળવળના મૂલ્યો, સેવાની ભાવના અને નેતૃત્વ કૌશલ્યને કેળવવાનો હતો.

આ ઉજવણીની શરૂઆત સ્કાઉટ-ગાઈડ ચળવળના સ્થાપક લોર્ડ રોબર્ટ બેડન-પોવેલને પુષ્પાંજલિ અને પુષ્પાંજલિ સાથે થઈ. ત્યારબાદ એક વિદ્યાર્થી દ્વારા પ્રેરણાદાયી ભાષણ આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ પિરામિડ પ્રવૃત્તિ, ગાંઠ બાંધવાનું પ્રદર્શન અને BP-6 (સ્કાઉટ અને ગાઈડ વર્ગ ૭) ના પુનઃઅભિનયથી શ્રોતાઓને પ્રભાવિત કર્યા. આ કાર્યક્રમનું સંચાલન ગાઈડ કેપ્ટન રંજન ડામોર અને ફ્લોક લીડર શ્રીમતી કોમલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રથમ અને બીજા તબક્કાના ગાઈડ્સને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય આકર્ષણોમાં કબ અને બુલબુલ દ્વારા સ્કાઉટ/ગાઈડ ક્લેપ્સ, ધોરણ ૮ સ્કાઉટ્સ દ્વારા "મેક અ મેલોડી" એક્શન ગીત, ઉત્સાહી યેલ અને રિપ-ટિપ એક્શન (હેમાંગ અને ટીમ) હતા. શાળાના આચાર્ય શ્રી રાજેશ કુમારે તેમના આશીર્વાદમાં વિદ્યાર્થીઓને શિસ્ત, સેવા અને જવાબદારીના મહત્વ પર માર્ગદર્શન આપ્યું. અંતે, કબ માસ્ટર પાર્થ શુક્લાએ આભારવિધિ રજૂ કરી અને કાર્યક્રમનું સમાપન સર્વધર્મ પ્રાર્થના સાથે થયું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓમાં એકતા, સહકાર અને સામાજિક જવાબદારીની ભાવનાને મજબૂત બનાવવામાં સફળ રહ્યો.

# લાંચ કેસમાં સંડોવાયેલા કાર્યપાલક ઈજનેર ગણેશવાળાની ધરપકડ કરો

## લિંબાયત ઝોનને ભ્રષ્ટાચારનો અડ્ડો બનાવી દેનાર ગણેશવાળા સામે વિરોધ પ્રદર્શન




સુરત, તા.૨૩

તાજેતરમાં જ એક ત્રાહિત શખ્સ સાથે મળીને લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર, વર્ગ-૧, (ઝોનલ અધિકારી) વિપુલ ગણેશવાલા લાખો રૂપિયાની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા છે. તેમના ભ્રષ્ટાચારની તપાસ કરવાની માગ સાથે આજે કોંગ્રેસે લિંબાયત કચેરીએ વિરોધ પ્રદર્શન યોજ્યો હતો અને ભ્રષ્ટાચારીઓને જેલના સળીયા પાછળ ધકેલવા માગ કરી હતી.

સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા, યુથ કોંગ્રેસના નેશનલ કો-ઓર્ડિનેટર કાસિફ ઉસ્માની, સંગઠન મહામંત્રી રોહિત સાવલિયાની આગેવાની હેઠળ મોટી સંખ્યામાં લોકો લિંબાયત ઝોન કચેરીએ પહોંચ્યા હતા અને લાંચિયા-ભ્રષ્ટાચારીઓને સજા કરવાની માગ બુલંદ કરી હતી.

ઝોનલ અધિકારી તરીકે નિયુક્તિ થતાં જ રૂપિયા ઉસેટવાની પરવાનગી મળી ગઈ હોય એમ ગણેશવાલાએ સમગ્ર ઝોન વિસ્તારમાં ત્રાસ મચાવ્યો હતો. ગરીબ અને મધ્યમ વર્ગથી ઝલકાતા ઝોન વિસ્તારમાં મોટેભાગે શ્રમિકો વસવાટ કરી રહ્યાં છે. પરપ્રાંતિય લોકોથી ખીચોખીચ વિસ્તારમાં પરિશ્રમ કરીને થોડી-થોડી બચત દ્વારા પોતાના સ્વપ્ન સમાન ઘર બનાવતા લોકોની સંખ્યા અહીં વધુ છે. જેમાં ઘણા ખરા કાચા-પાકા મકાનો બનાવીને પોતાની જરૂરિયાત પૂર્ણ કરી લે છે. આવામાં કાચા મકાનો બનાવતા શ્રમિકોને નોટિસ પાઠવીને ગણેશવાલાએ ખિસ્સા ભરવાનું કામ કર્યું હતું.

લિંબાયત ઝોન વિસ્તારમા સુનીયોજીત રીતે બાંધકામ પર ફરીયાદ કરાવી પછી તેના પર કાર્યવાહી કરવાની નોટીસ આપી અને વચ્ચે તાઉતો ની ગેંગ (મંડળી)

અનુસંધાન પાના ૭ પર

# ઓલપાડ-સાયણ રોડ પર અટોદરા ચોકડી ઉપર દબાણો દુર કરાયા

## માર્ગ અને મકાન વિભાગ-૨ દ્વારા ડિમોલીશન હાથ ધરાયું



સુરત, તા.૨૩

ઓલપાડ- સાયણ રોડની અટોદરા ચોકડીની આજુબાજુના ગેરકાયદેસર દબાણ કરનારાઓ ઉપર માર્ગ અને મકાન વિભાગ-૨ ત્રાકટતા દબાણ કરનારા દુકાનદારો માં ફફડાટનો માહોલ ફેલાયો છે.જો કે મોડે-મોડે પણ જાગેલ માર્ગ-મકાન વિભાગ-૨ ના અધિકારી દ્વારા રોડની બંન્ને બાજુના અડચણરૂપ દબાણોનું ડિમોલીશન કરી

દુર કરાતા સ્થાનિકો સહિત વાહન ચાલકોએ રાહતનો દમ લીધો છે. ઓલપાડથી સાંધીએર ગામ વચ્ચેના રાજયધોરી માર્ગની આજુબાજુ ની ખેતીલાયક જમીન બીનખેતીની થતા બિલ્ડરો ટેક્ષટાઈલ સહિતના ઉદ્યોગ એકમના પ્લોટનું વેચાણ કરી રહ્યા છે.જેના પગલે ટૂંકા વર્ષોમાં અટોદરા ચોકડીનો હરણફાળ વિકાસ થવાથી રોડની ચારે બાજુ ધંધાર્થી દુકાનોની હારમાળા સર્જાઈ છે.આ દુકાનદારો સહિત લારી-ગલ્લાવાળાઓ રોડ માર્જીનની સરકારી જમીનમાં દબાણ કરી વેપલો કરી રહ્યા હતાં.આ ઉપરાંત દુકાન માલિકો રોડની બંન્ને બાજુના માર્જીનમાં વાહન ચાલકોને અડચણરૂપ થાય તે રીતે પોતાના વેપારના બોર્ડ મુકી આડ કરતા ટ્રાફિક સમસ્યા માથાનો દુ:ખાવો બની હતી.જેના પગલે છેલ્લા ઘણા સમયથી વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતાં. જેથી ત્રાહિમામ પોકારી ઉઠેલા સ્થાનિક લોકોની બુમરેંગના પગલે શનિવાર,તા.૨૧ ના રોજ સવારે સુરત માર્ગ અને મકાન વિભાગ-૨ કચેરીનો સ્ટાફ જે.સી.બી. મશીન,ટ્રક અને મજૂર ટીમ લઈને અટોદરા ચોકડી પહોંચ્યો હતો.માર્ગ-મકાન વિભાગે પોલીસ બંદોબસ્ત સાથે રોડની રોડની બંન્ને બાજુના માર્જીનમાં દબાણ કરનારા દુકાનદારોની દુકાનની આગળનો ગેરકાયદેસર ભાગ તોડી નાંખ્યો હતો. આ ઉપરાંત રોડ માર્જીનમાં મુકેલ દુકાનના બોર્ડ અને લારી-ગલ્લા ટ્રકમાં ભરી દબાણ દુર કર્યા હતાં.જ્યારે અટોદરા આઉટ પોલીસ ચોકી પણ ચાર રસ્તા ઉપર આવેલ હોવાથી સ્થાનિક લોકો પોલીસ તંત્ર પાસે અપેક્ષા સેવી રહ્યા છે કે,આજે તો રોડ માર્જીનના અડચણ રૂપ દબાણો દુર કરાતા ટ્રાફિક સમસ્યાથી રાહત મળી છે,પરંતુ આ દબાણ કરનારા દુકાનદારો જો ફરી દબાણ કરે તો તે જોવાની સમગ્ર જવાબદારી પોલીસ તંત્રની છે.

# ઉત્તર પ્રદેશ સરકાર વિરુધ્ધ કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## કલેક્ટર કચેરી ખાતે કાર્યક્રમનું આયોજન

સુરત, તા.૨૩

ભા.જ.પ ની ઉતર પ્રદેશ ના મુખ્યમંત્રી શ્રી આદિત્યનાથ યોગી ની સરકાર જે સમગ્ર દેશમાં હિન્દુત્વની વાત કરી જનતાને છેતરીને સરકાર મા આવી અને ઉત્તર પ્રદેશમાં હિન્દુ ધર્મમાં દેવી દેવતાઓના મંદિરો તેમજ આધિયુગથી ગંગા માતા તટ પર આવેલ મર્ણ કર્ણીકા ઓનું છંદ કરી સનાતન ધર્મનુ અપમાન કરેલું હોય જેના વિરોધ માં સુરત કલેકટર કચેરી ખાતે આજે સોમવારે બપોરે:૦૪:૦૦ વિરોધ પ્રદર્શન કરી કલેકટર શ્રી ને એક આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ સુરત શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી વિપુલભાઈ ઉધનાવાલા ની આગેવાની હેઠળ તેમજ ઉપપ્રમુખ શ્રી હરિશભાઈ સુર્યવંશી ની વિષેશ ઉપસ્થિતિમાં આવેદનપત્ર આપવામાં આવશે તો આ કાર્યક્રમમાં સુરત શહેર કોંગ્રેસ સમિતિ ના હોદેદારો તેમજ ફન્ટ્રલના હોદેદારો તેમજ વોર્ડ પ્રમુખો એ ઉપસ્થિત રહેવા માટે સુરત શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખ શ્રી દ્વારા જણાવવામાં આવે છે!



# દમણમાંથી નકસલવાદી મનોજ હાસદાની ધરપકડ

## નક્સલવાદીની પત્નીની પણ ધરપકડ કરાઈ

દમણ, તા.૨૩

સંઘ પ્રદેશ દમણ માં નકસલવાદી મનોજ હાસદા ની ધરપકડ ડાભેલ પોલીસ દ્વારા કરવામાં આવી પોલીસ ને મળેલી બાતમી ના આધારે બિહાર ના જુમઈ જિલ્લા ના ચરકાપથ્થર માં પોલીસ સ્ટેશન નો આરોપી તેની પત્ની મીના પણ હાર્ડ કોર નકસલ વાદી જેઓ સૂરત થી દમણ અવાર નવર આવજા કરતા હતા. એવા નકસલ વાદી ની દમણ પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવતા પુરા વિસ્તાર માં ચકચાર મચી જવા પામી. બિહાર રાજ્ય માં મુખ્ય વોન્ટેડ એવા કુખ્યાત નક્સલ વાદી ની ધરપકડ દમણ પોલીસ માટે પ્રસંસનીય કાર્ય કહી શકાય. બિહાર ના અલગ અલગ ગુના ઓ નો આરોપી ની ધરપકડ કરી બિહાર રાજ્ય ના પોલીસ અધિકારી સાથે સંપર્ક કરી વધુ આગળ ની કાર્યવાહી હાથ ધરવામાં આવી.

# આચાર્ય ભગવંતશ્રી વિજય યશોવર્મ સુ.મ.ને યશતિલક કરી મંગળ આશીર્વાદ મેળવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

## નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલની પ્રેરક ઉપસ્થિતિ

સુરત, તા.૨૩

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલેસુરતનાવેસુ સ્થિત બલર ફાર્મ ખાતે યોજાયેલા આચાર્ય ભગવંત વિજયયશોવર્મ સુરીશ્વરજી મહારાજના ગચ્છાધિપતિ પદપ્રદાન સમારોહમાં સહભાગી થઈનૂતન ગચ્છાધિપતિના આશિર્વાદ મેળવ્યા હતા. આવેળાએનાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી અને કેન્દ્રીય જળશક્તિ મંત્રીશ્રી સી.આર.પાટીલની વિશેષઉપસ્થિત રહ્યાહતા.

આપ્રસંગેમુખ્યમંત્રીશ્રીએજણાવ્યું હતું કે, જાહેરજીવનમાંઘણા પ્રસંગોમાં જવાનું બનતું હોય છે, પરંતુ આત્મસુખ મળે એવા પ્રસંગો પૈકીના આ પ્રસંગમાં આવી અનેરા આત્મસુખની અનુભૂતિ થાય



છે. પ્રસંગોમાંસાક્ષીભાવે હાજરીહોયપરંતુ કયો ભાવ હૃદયનેસ્પર્શીજાય એ અકળછે, જેનીઅનૂભૂતિ જ કરી શકાય એમ છે. મુખ્યમંત્રીશ્રીએ જૈનાચાર્ય યશોવર્મસુરીશ્વર મહારાજ દ્વારા કરવા આવેલા કામોની સહર્ષ નોંધ લઈ ૬૩ વર્ષના તેમના સફળ દીક્ષાપર્યાયને સમગ્ર માનવ સમાજ માટે પ્રેરણાદાયી ગણાવી સમાજને સુસંસ્કૃત કરવા તેમણે આપેલા યોગદાનની સરાહના

અનુસંધાન પાના ૭ પર




# સરકારી જમીન પરના દબાણો દૂર કરવા અધિકારીઓને સૂચના આપતા કલેક્ટર

## જિલ્લા કલેક્ટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક મળી

સુરત, તા.૨૩

જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક જિલ્લા કલેકટર ડો.સૌરભ પારધીના અધ્યક્ષસ્થાને કલેકટરાલયના સભાખંડમાં મળી હતી. બેઠકમાં પ્રજાના પ્રતિનિધિઓ દ્વારા પ્રજાહિતને સ્પર્શતા રજુ થયેલા વિવિધ પ્રશ્નોની અમલીકરણ અધિકારીઓની ઉપસ્થિતિમાં હકારાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી. સુરત શહેરના મેયર દક્ષેષ માવાણીએ ગત ચોમાસા દરમિયાન શહેરમાં ખાડી વિસ્તારોમાં આવેલા પુરની સ્થિતિ પુનઃ ન સર્જાય તે માટે થયેલી કાર્યવાહી અંગે રજૂઆત કરતાં, કલેકટરે ડ્રેનેજ અને મહાનગરપાલિકા અને કમ્બાઈન્ડ દરખાસ્ત પ્રાયોરીટીના ધોરણે કરવા જણાવી, ઝીણા તળાવો દૂર કરવામાં આવી રહયા હોવાનું પણ ઉમેર્યું હતું.

ધારાસભ્ય અરવિંદભાઈ રાણાએ ઝાંપાબજાર ખાતેની મહિલા કર્મચારીઓથી કાર્યરત ગુજરાતની એકમાત્ર વુમન પોસ્ટ ઓફીસને બંધ નહી કરવાની રજૂઆત સંદર્ભે સીની.સુપ્રી.ઓફ પોસ્ટ ઓફીસિસરે પોસ્ટ ઓફિસનું વિલીનીકરણ ન થયા અને પોસ્ટ કાર્યરત રહે એના માટે આગળ અભિપાય મોકલા માટે કાર્યવાહી કરવા કલેકટરશ્રીએ જણાવ્યું હતું. . આ ઉપરાંત તેમણે તેમના મતક્ષેત્રમાં અશાંતધારા

અનુસંધાન પાના ૭ પર

# 'સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવ

## ચેમ્બર તથા સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સાર્વજનિક યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે કલાઉત્સવ




સુરત, તા.૨૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી અને સાર્વજનિક યુનિવર્સિટીના સંયુકત ઉપક્રમે તા. ૨૧ અને ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦થી રાત્રે ૧૦:૦૦ કલાક દરમિયાન સ્કેટ કોલેજના એમ્ફી થિયેટર, અઠવા લાઈન્સ, સુરત ખાતે સુરતના કલા પ્રેમીઓ માટે આકર્ષક અને અનોખો સાંસ્કૃતિક મહોત્સવ 'સુરત આર્ટ સ્ટ્રીટ ૨૦૨૬' કલા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો શનિવારથી શુભારંભ થયો હતો.

શનિવાર, તા. ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૪૫ કલાકે આ કલા ઉત્સવનું સુરતના મેયર શ્રી દક્ષેશ માવાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત શહેર ભાજપના પ્રમુખ શ્રી પરેશ પટેલે મુખ્ય મહેમાન તરીકે સ્થાન શોભાવ્યું હતું. બંને મહાનુભાવોએ ચેમ્બર દ્વારા આયોજિત આ અનોખા કલા ઉત્સવને પોતે પણ માણ્યો હતો.

મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, આવા કલા મહોત્સવો શહેરની સાંસ્કૃતિક ઓળખ મજબૂત બનાવે છે અને સ્થાનિક કલાકારોને પોતાનું સર્જન

અનુસંધાન પાના ૭ પર

# 'સીટેક્ષ'ને જબરજસ્ત પ્રતિસાદ, બે દિવસમાં ૧૭ હજારથી વધુ બાયર્સ, વિઝિટર્સે નોંધાયા

## સુરતની ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝને બહોળો લાભ

સુરત, તા.૨૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા. ૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૧૦:૦૦થી સાંજે ૭:૦૦ વાગ્યાના સમયગાળા દરમ્યાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકિઝબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ – સુરત ઈન્ટરનેશનલ ટેક્ષટાઈલ એક્ષ્પો ૨૦૨૬' યોજાયો છે, જેને બાયર્સ અને વિઝિટર્સ તરફથી જબરજસ્ત પ્રતિસાદ મળી રહ્યો છે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આ એકિઝબિશનમાં એકિઝબિટર્સ દ્વારા વર્લ્ડ ક્લાસ ટેક્ષ્ટાઈલ મશીનરીનું પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. વિશ્વમાં પ્રથમ વખત ચાર પનાવાળું હાઈસ્પીડ રેપિયર જેકાર્ડ મશીન સીટેક્ષ એક્ષ્પોમાં લોન્ચ કરવામાં આવ્યું હતું. સાથે જ હાઈસ્પીડ એરજેટ મશીન, નવી પોઝિશન પ્રિન્ટર મશીનરી અને પોઝિશન એમ્બ્રોઈડરી મશીનરી પ્રદર્શનમાં મૂકવામાં આવી છે. આ એક્ષ્પોમાં સકર્યુલર નિટિંગ મશીનની અદ્યતન શ્રેણી પણ પ્રદર્શિત કરવામાં

અનુસંધાન પાના ૭ પર





## ઝારખંડ અદાણી રોકાણ સમીક્ષા

# ગૌતમ અદાણીએ ઝારખંડ અને બિહારમાં ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સની સમીક્ષા કરી

રાંચી, ૨૨ ફેબ્રુઆરી , અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ રવિવારે ઝારખંડ અને બિહારમાં ગ્રુપના પ્રોજેક્ટ્સની મુલાકાત લીધી હતી. આ દરમિયાન તેમણે ૪૦,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના મુખ્ય વીજ રોકાણોની સમીક્ષા કરી હતી, જે પૂર્વ ભારતમાં ગ્રુપની વધી રહેલી હાજરી દર્શાવે છે.

કંપનીના પ્રવક્તાએ જણાવ્યું હતું કે અદાણીએ ઝારખંડના આદિવાસી બહુલ ગોડ્ડા જિલ્લામાં ૧૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના રોકાણથી નિર્મિત ૧,૬૦૦ મેગાવોટ ક્ષમતા ધરાવતા અલ્ટ્રા-સુપરક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટના સંચાલનની સમીક્ષા કરી હતી. પ્રવક્તાએ કહ્યું કે આ પ્લાન્ટ એક લાંબા ગાળાના કરાર હેઠળ ખાસ કરીને બાંગ્લાદેશને વીજળી પૂરી પાડે છે, જેના કારણે આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ બની જાય છે.આ સુવિધાથી વિસ્તારમાં હજારો પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી પેદા થવાની શક્યતા છે અને રેલ જોડાણ મજબૂત થવાનો દાવો કરવામાં આવ્યો છે. પડોશી રાજ્ય બિહારમાં અદાણીએ ભાગલપુર પાસે પીરપૈંતીમાં ગ્રુપના સૂચિત ૨,૪૦૦ મેગાવોટના અલ્ટ્રા-સુપરક્રિટિકલ પાવર પ્રોજેક્ટની પ્રગતિની સમીક્ષા કરી હતી. આ પ્રોજેક્ટમાં ૨૭,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું રોકાણ સામેલ છે અને તે આગામી ચારથી પાંચ વર્ષમાં કાર્યરત થવાની અપેક્ષા છે.

પ્રવક્તાએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય રાજ્યમાં વધી રહેલી ઔદ્યોગિક અને શહેરી વીજળીની માંગને પૂરી કરવાનો છે.

દેશની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની થર્મલ પાવર ઉત્પાદક કંપની અદાણી પાવર (APL) ને ગયા વર્ષે ઓગસ્ટમાં બિહાર સ્ટેટ પાવર જનરેશન કંપની લિમિટેડ (BSPGCL) તરફથી ૨૫ વર્ષ સુધી વીજળીના લાંબા ગાળાના સપ્લાય માટે એલોટમેન્ટ લેટર (LoA) મળ્યો હતો.



# માતૃભાષાનું ગૌરવ એટલે સાંસ્કૃતિક પરંપરાની વંદના: તખુભાઈ સાંડસુર

### વેળાવદરમાં યોજાયો માતૃભાષા મહોત્સવ પરિસંવાદ

વેળાવદર , ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામે ગુજરાત સાહિત્ય અકાદમી અને વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ કાણકિયા પારેખ હાઈસ્કૂલના સભાખંડમા કરવામાં આવી.

કાર્યક્રમનો પ્રારંભ ગુજરાતી માતૃભાષાના ગૌરવ ગાન સાથે થયો.દીપ પ્રાગટ્યની જ્યોતને મહેમાનો દ્વારા પ્રજવલિત કરીને શાળાની બાળાઓએ સ્વાગત નૃત્ય રજૂ કર્યું.કાર્યક્રમના સંયોજક શ્રી કૌશિકભાઈ ઠાકર દ્વારા ઉપસ્થિત ગ્રામજનો મહેમાનો બાળકો વિદ્યાર્થીઓનો સાદર આવકાર થયો. કાર્યક્રમના મુખ્ય અતિથિ શ્રી નરેન્દ્રભાઈ ત્રિવેદી અને પરિસંવાદના વક્તા સાહિત્યકાર શ્રી તખુભાઈ સાંડસુરનું પુસ્તક પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું.


આજના પરીસંવાદનો વિષય 'ગુજરાતી: નો ભૂતો ન ભવિષ્યતિ' નિયત કરવામાં આવ્યો હતો. એટલે કે આપણી માતૃભાષા કદી આજે કે આવતીકાલે વિસ્મૃત થશે નહી અને ભુલાશે કે ભૂંશાશે નહી. કાર્યક્રમને ઉદ્બોધિત કરતા સાહિત્યકાર અને વક્તા શ્રી તખુભાઈ સાંડસુરે કહ્યું કે આપણી માતૃભાષાની વંદના કરવાનો આ અવસર જે રીતે અકાદમી દ્વારા પૂરો પાડવામાં આવે છે તે માટે તેમને પણ અભિનંદન આપીએ એટલાં ઓછાં છે.તેમણે કહ્યું કે માતૃભાષાનું ગૌરવ કરવું એટલે આપણી સાંસ્કૃતિક ઐતિહાસિક મૂલ્ય પરંપરાઓની વંદના કરવા બરાબર છે. જો આપણે આપણી પ્રાદેશ પ્રાદેશિકતાને પોંખવાનું છોડી દેશું તો આપણી ઐતિહાસિક વિરાસત પણ કાળની ગર્તામાં ભુસાઈ જશે.આજના કાર્યક્રમના મુખ્ય અતિથિ વિવેકાનંદ કેન્દ્રના પ્રાંત સંયોજક શ્રી નરેન્દ્ર ભાઈ ત્રિવેદીએ ભાષાની ભવ્યતાને અન્ય ભાષાઓના સંમોહનના કારણે છોડવી ન જોઈએ. કોઈ અન્ય ભાષાઓ આપણે શીખીએ જરૂર પરંતુ આપણી માતૃભાષાથી આપણે દૂર ન જવું જોઈએ તેમ જણાવ્યું હતું.

આજના આ પરીસંવાદ કાર્યક્રમમાં પ્રાથમિક શાળાના શિક્ષકો, વિદ્યાર્થી ભાઈ બહેનો આચાર્ય શ્રી હિંમતગીરી ગોસાઈ, પૂર્વ સરપંચ શ્રી શામજીભાઈ ખીમસુરીયા, શ્રી રમણિક ભાઈ પટેલ, ધીરુભાઈ ભંડેરી ભાજપના તાલુકા મહામંત્રી શ્રી કિશોરભાઈ કવા, શાંતિભાઈ સહિતના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતાં.સંચાલન શ્રી જીતુભાઈ ભાદરકાએ તથા આભાર દર્શન સુશ્રી ચદ્રાબેન કવાડે કર્યું હતું.

# ટૂંકું ને ટચ: દાદીમાનું પ્રિય ભોજન ફક્ત સ્વાદનો જ નહીં, પણ સ્વાસ્થ્યનો ખજાનો છે...

પ્રાચીન સમયમાં અથાણાને માત્ર આહારનો એક ભાગ જ નહી, પણ સ્વાસ્થ્યને સુધારવા માટે ઘરેલું ઉપાય પણ માનવામાં આવતો હતો. મીઠું, સરસવનું તેલ અને મસાલાઓથી તૈયાર કરાયેલુ અથાણું પાચનતંત્રને સક્રિય રાખવામાં મદદ કરે છે.

ભારતીય ભોજનમાં ભોજન સાથે પીરસવામાં આવતા અથાણાંનું વિશેષ મહત્વ છે. સદીઓથી અથાણાને આહારનો એક ભાગ માનવામાં આવે છે, ફક્ત સ્વાદ વધારવા માટે જ નહીં, પરંતુ વિવિધ સ્વાસ્થ્ય લાભો માટે પણ. પહેલાના સમયમાં અથાણા ઘરે ખૂબ જ મહેનતથી તૈયાર કરવામાં આવતા હતા, જેમાં યોગ્ય મસાલા અને સીઝનીંગનો ઉપયોગ કરીને લાંબા ગાળાની જાળવણી સુનિશ્ચિત કરવામાં અને ખોરાકનો સ્વાદ જાળવી રાખવામાં આવતો હતો.

પ્રાચીન સમયમાં દાદીમા માનતાં હતાં કે યોગ્ય રીતે તૈયાર કરાયેલા અથાણા પાચનમાં મદદ કરે છે, ભૂખ લગાડે છે અને ખોરાકનો સ્વાદ સંતુલિત કરે છે. જ્યારે આજના વિશ્વમાં ફાસ્ટ ફૂડ અને પેકેજડ વસ્તુઓ વધુ સામાન્ય બની ગઈ છે, ત્યારે પરંપરાગત સ્વાદ અને તેના ફાયદા હજુ પણ લોકોની પ્લેટમાં સ્થાન ધરાવે છે. તો ચાલો આજે તમને જણાવીએ કે કેવી રીતે આપણી દાદીમાના અથાણાં ફક્ત સ્વાદિષ્ટ જ નથી પણ સ્વાસ્થ્યનો ખજાનો પણ છે.

પ્રાચીન સમયમાં અથાણાને માત્ર આહારનો એક ભાગ જ નહીં પણ આંતરડાના સ્વાસ્થ્યને સુધારવા માટે ઘરેલું ઉપાય પણ માનવામાં આવતો હતો.

મીઠું, સરસવના તેલ અને મસાલાથી તૈયાર કરાયેલું અથાણું પાચનતંત્રને સક્રિય રાખવામાં મદદ કરે છે. આ જ કારણ છે કે થોડું અથાણું હંમેશાં દાળ-ભાત, પરાઠાં અથવા ખીચડી સાથે પીરસવામાં આવતું હતું.

લસૌદા એટલે કે ગુંદા જેવા સ્થાનિક ફળોમાંથી સ્વસ્થ અથાણાં બનાવવામાં આવતા હતા. ગુંદા, એક નાનું ઉનાળાનું ફળ જેને લસૌદા અથવા ભારતીય ચેરી તરીકે પણ ઓળખવામાં આવે છે, તેનો ઉપયોગ ઘણીવાર અથાણાં તરીકે થતો હતો. આ ફળ પ્રોટીન, ફાઈબર, કેલ્શિયમ, ફોસ્ફરસ અને આયર્નથી ભરપૂર હોય છે. તેના અથાણાં પાચનને મજબૂત બનાવવા અને શરીરને ઠંડું કરવા માટે માનવામાં આવે છે.ટૂંકું ને ટચ: દાદીમાનું પ્રિય ભોજન ફક્ત સ્વાદનો જ નહી, પણ સ્વાસ્થ્યનો ખજાનો છે...મરચાં અને લસણનું અથાણું માત્ર ખોરાકમાં મસાલા ઉમેરતું નથી પણ પાચન સુધારવામાં પણ મદદ કરે છે. લસણના એન્ટીબેક્ટેરિયલ ગુણધર્મો પેટને સ્વસ્થ રાખે છે. કાચી કેરીનું અથાણું ભૂખ વધારવા અને પાચન સુધારવામાં પણ મદદરૂપ માનવામાં આવે છે.

અથાણામાં સરસવનું તેલ અને મીઠું શા માટે મહત્ત્વપૂર્ણ છે?

અથાણામાં સરસવનું તેલ સૌથી મહત્વપૂર્ણ પ્રિઝર્વેટિવ માનવામાં આવે છે. તે માત્ર સ્વાદ જ નહીં પણ અથાણાને પણ સાચવે છે. મીઠું બેક્ટેરિયા અને ફૂગ સામે રક્ષણ આપે છે. આ કારણોસરસ દાદીમાઓ અથાણામાં મીઠાનું પ્રમાણ કાળજીપૂર્વક પસંદ કરતાં હતાં.

વ્યાપારી અથાણાંમાં પ્રિઝર્વેટિવ્સ અને ભેળસેળ સામાન્ય બની ગઈ છે. તેથી, દાદીમાની રીતે તૈયાર કરેલાં ઘરે બનાવેલા અથાણાનો સ્વાદ માત્ર સારો જ નથી હોતો પણ આંતરડાના સ્વાસ્થ્ય માટે પણ વધુ ફાયદાકારક માનવામાં આવે છે. યોગ્ય રીતે તૈયાર કરેલાં અથાણાં પાચનને મજબૂત બનાવે છે અને ખાવાનો આનંદ બમણો કરે છે.

# ડાયાબિટીસમાં પગની સારવાર

ડાયાબિટીસમાં પગમાં દુખાવો થવો એ મોટી વાત નથી, પરંતુ આવા કિસ્સાઓમાં પગની સંભાળ ખૂબ જ જરૂરી છે. તેમાં પણ ચોમાસાની મોસમમાં ડાયાબિટીસના દર્દીઓએ વિશેષ કાળજી રાખવી પડે છે, કારણ કે આ સિઝનમાં બેક્ટેરિયલ ઈન્ફેક્શનનો ખતરો ઘણો વધી જાય છે. ડાયાબિટીસના દર્દીઓની રોગપ્રતિકારક શક્તિ નબળી હોવાથી તેમને આ સિઝનમાં સુરક્ષિત રહેવાની સલાહ આપવામાં આવે છે. બીજું, આ ઋતુમાં શરીરમાં શુગરનું પ્રમાણ વધવા લાગે છે, પછી શરીરનાં અંગોમાં નાના-મોટા ઘા કે ફંગસ થવા લાગે છે, જે ઘણીવાર ગંભીર સ્વરૂપ લઈ લે છે.

ડાયબિટીસને કારણે ઘણા લોકોના પગમાં રક્ત પરિભ્રમણ યોગ્ય રીતે થઈ શકતું નથી, જેના કારણે તેમનું શરીર ઈન્ફેક્શન સામે યોગ્ય રીતે લડી શકતું નથી.

ઘણીવાર નાની ઈજાને પણ સાજા થવામાં ઘણો સમય લાગે છે. આ પગના રજજુને પણ નુકસાન પહોંચાડે છે, જેના કારણે દર્દીને કળતર, બળતરા, હાથ-પગમાં સુન્નતા, પગમાંથી ચપ્પલ દૂર થઈ ગયા છે તે ખ્યાલ ન આવે વગેરે જેવી સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આને ડાયાબિટીક ન્યુરોપથી કહેવામાં આવે છે. જો ઈન્ફેક્શન વધી જાય તો પગમાં ગેંગરીન થવાનું જોખમ રહે છે, જેમાં ઘણીવાર શરીરનો એક અંગ કાપવો પણ પડી શકે છે. ડાયાબિટીસની યોગ્ય સારવાર ઉપરાંત, ડાયાબિટીસ ધરાવતા લોકોએ સ્વાસ્થ્ય વીમા યોજના પણ ખરીદવી જોઈએ. તે તમને આર્થિક રીતે મજબૂત રાખે છે.

ડાયાબિટીસ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશનના અધ્યક્ષ ડો. અશોક કુમાર ઝિંગન કહે છે કે જો ભેજવાળા હવામાનમાં કાળજી લેવામાં ન આવે તો આ ઘા સંક્રમિત થઈ જાય છે, જેના કારણે ચેપ ફેલાઈ શકે છે. જેના કારણે પગ લાલ થઈ જાય છે, સોજી જાય છે અને ક્યારેક દર્દીને તાવ પણ આવી જાય છે.

# જિમખાનામાં જતા યુવાનો બની રહ્યા છેબોડી ઈમેજ ડિસઓર્ડરનો શિકાર


મસલ ડિસ્મૉર્ફિયાથી પીડિત વ્યક્તિ કલાકો વ્યાયામ કરે છે, ડાયટિંગ કરે છે અને વારંવાર કેલેરી ગણે છે, ડિપ્રેશન અને હતાશાનો પણ અનુભવ કરે છે. મસલ ડિસ્મૉર્ફિયા એક મેટલ ડિસઑર્ડર છે જેમાં વ્યક્તિને એમ લાગે છે કે તેની માંસપેશીઓ યોગ્ય રીતે વિકસી નથી. એક અભ્યાસ મુજબ જિમમાં જતા ૧૨ ટકા યુવાનો પોતાની બૉડીથી ખુશ નથી હોતા.

મસલ ડિસ્મૉર્ફિયા (બીડીડી) એક એવો મસલ ડિસઑર્ડર છે જેમાં ફિટ બૉડી ધરાવતી વ્યક્તિને પણ એમ થાય છે કે તે ફિટ નથી.

પોતાની ફિટનેસથી રહે છે નાખુશ:

બીડીડીથી પ્રભાવિત વ્યક્તિ પોતાની ફિટનેસને મામલે અસંતુષ્ટ રહે છે. સિક્સ પૅકથી લઈને ઍઈટ પૅક ઍબ્સ બનાવી લે છે છતાં તેને લાગે છે કે તેનાં મસલ્સ અન્ય કરતાં ઓછાં ડેવલપ છે.

દિલ્હીસ્થિત સી. કે. બિરલા હૉસ્પિટલમાં ઈન્ટરનલ મૅડિસિન ડૉક્ટર મનિષા અરોરાનું કહેવું છે કે આ ડિસઑર્ડરથી પીડિત વ્યક્તિ એ શારિરીક ઉણપોથી ચિંતિત રહે છે જે ખરેખર તેમનામાં હોતી નથી. ફિટનેસ સંબંધિત પોતાનું લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હોવા છતાં એ લોકો એ વાતથી પરેશાન રહેતા હોય છે કે તેમની માંસપેશીઓ પરફેક્ટ નથી. પોતાની કલ્પના મુજબની કાયા પામવા એ લોકો જરૂરત કરતા વધુ સપ્લિમેન્ટસ લે છે અને હેવી વૅઈટ ઍક્સરસાઈઝ કરે છે. વારંવાર પોતાની બૉડીનો આકાર તપાસતા રહે છે અને અરીસાની સામે જતા ખચકાય છે. એટલે સુધી કે આ લોકો સામાજિક મેળવડાઓથી પણ દૂર રહે છે.



ગુરગ્રામસ્થિત મૈરિગો એશિયા હોસ્પિટલમાં વરિષ્ઠ સલાહકાર-મનોવૈજ્ઞાનિક ડો. મુનિયા ભટ્ટાચાર્યનું કહેવું છે કે આ લોકો એટલા તણાવમાં રહે છે કે કેટલાક તો કોસ્મેટિક સર્જરીનો વિકલ્પ પણ અપનાવી લે છે. આ લોકોને સતત એવું લાગે છે કે મારી બોડી અને મસલ્સ સારી રીતે ડેવલપ નથી થયા. આ લોકો જિમમાં કલાકો કસરત તો કરે જ છે, પરંતુ સાથેસાથે પ્રોટીન અને વિવિધ સપ્લિમેન્ટસ પણ લેવા માંડે છે અને તે તેમની રોજિંદી દિનચર્યા બની જાય છે.

ગુરગ્રામસ્થિત મૈરિગો એશિયા હૉસ્પિટલમાં વરિષ્ઠ સલાહકાર-મનોવૈજ્ઞાનિક ડૉ. મુનિયા ભટ્ટાચાર્યનું કહેવું છે કે આ લોકો એટલા તણાવમાં રહે છે કે કેટલાક તો કોસ્મેટિક સર્જરીનો વિકલ્પ પણ અપનાવી લે છે. આ લોકોને સતત એવું લાગે છે કે મારી બૉડી અને મસલ્સ સારી રીતે ડેવલપ નથી થયા. આ લોકો જિમમાં કલાકો કસરત તો કરે જ છે, પરંતુ સાથેસાથે પ્રોટીન અને વિવિધ સપ્લિમેન્ટસ પણ લેવા માંડે છે અને તે તેમની રોજિંદી દિનચર્યા બની જાય છે.

ફિટનેસ ટ્રેનર પ્રભાત શુક્લાનું કહેવું છે કે આવા લોકોને બૉડી બનાવવાની એવી ચાનક ચઢે છે કે તેઓ કોઈનું નથી સાંભળતા. તેમને કહો કે તમારું વજન પરફેક્ટ છે, મસલ્સનો ગ્રોથ પણ સારો છે તો પણ તેઓ વિશ્ર્વાસ નથી કરી શકતા. ઈન્ટરનેશનલ ઓસીડી ફાઉન્ડેશનના રિપોર્ટ મુજબ વિશ્ર્વમાં લગભગ ૧૨ ટકા પુરુષ મસલ્સ ડિસ્મોર્ફિયાનો શિકાર છે. બીબીસીના એક રિપોર્ટ મુજબ યુકેમાં જિમમાં જતી પ્રત્યેક દસ વ્યક્તિએ એક મસલ ડિસ્મોર્ફિયાનો શિકાર બને છે. સમગ્ર વિશ્ર્વમાં આ ડિસઑર્ડરનો શિકાર બનનારાંઓમાં ૯૯.૯૯ ટકા પુરુષો હોય છે.

ફિઝિશિયન સંજય મહાજનનું કહેવું છે કે આ ડિસઑર્ડરથી પીડિત વ્યક્તિ પોતાનાં રૂપ અને શરીરનાં આકાર પર ખૂબ ધ્યાન આપે છે. કોઈ પણ ખામી જણાય તો તેઓ કોસ્મેટિક સર્જરીનો આસરો લેતાં પણ ખચકાતાં નથી. તેઓ તૈયાર થવામાં કલાકો વીતાવે છે. દિવસના અનેક કલાક તેઓ જિમમાં વીતાવે છે. ખૂબ કસરત કરે છે અને માંસપેશિઓને મજબૂત કરવા જરૂરિયાત કરતા વધારે પ્રોટીન લે છે. આ લોકોનું ધ્યાન પરિવાર અને નોકરીને બદલે બૉડી બનાવવા પર જ હોય છે.કૉગ્નિટિવ બિહેવિયરલ થેરેપીથી કરવામાં આવે છે ઈલાજજે લોકોને આ સમસ્યા સતાવે છે એ લોકો એ સમજવા સક્ષમ નથી હોતા કે તેઓ કોઈ બીમારીથી પીડાઈ રહ્યા છે અને તેની સામે ઝઝૂમી રહ્યા છે. આ કારણે જ તેમની વાતો ધ્યાનથી સાંભળો અને ત્યાર બાદ જ ઈલાજ કરાવો. ડૉ. મનિષા અરોરાનું કહેવું છે કે આ સમસ્યાનો ઈલાજ કૉગ્નિટિવ બિહેવિયરલ થેરેપી (સીબીટી)થી કરવામાં આવે છે અને દવાઓ પણ આપવામાં આવે છે તો અન્ય એક ડૉ. મુનિયાનું કહેવું છે કે જ્યારે આ ડિસઑર્ડર તેની ચરમસીમાએ પહોંચે છે ત્યારે અમે દવા લેવાની સલાહ આપીએ છીએ.

## તંત્રી લેખ...-

સોમવાર, તા. ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬

# કામણગારા કચ્છડાની કમાલની વાતો

કચ્છને અનહદ ચાહનારી વ્યક્તિને કચ્છથી દૂર રહેવાની ફરજ પડે ત્યારે વતન પ્રત્યેની ચાહના ગુણોત્તરમાં વધી જાય છે. વહાલું વતન... મારી માતૃભૂમિ... મારી કચ્છભૂમિ એવું કહેતાં થાકતા નથી. મધુભાઇ ભટ્ટ આવી જ વ્યક્તિ, કચ્છપ્રેમમાં ગળાડૂબ. આ લખનાર ૧૯૮૮-૮૯માં કચ્છમિત્રમાં તાલીમી પત્રકાર તરીકે જોડાયા એ પછી સમયાંતરે પરિચયની સાંકળમાં અનેકવિધ કડી ઉમેરાતી ગઇ... એમાં એક નામ મધુભાઇનું. ગાંધીનગરમાં સચિવાલયમાં ફરજ બજાવતા મધુભાઇ કચ્છ સાથે લગાતાર સંપર્કમાં, સુરેશભાઇ મહેતા એ સમયે ગુજરાતના વરિષ્ઠ મંત્રી, મુખ્યમંત્રીએ થયા. કચ્છનો ત્યારે સચિવાલય અને વિધાનસભામાં ડંકો વાગતો. મધુભાઇના લેખ આવતા રહેતા. કીર્તિભાઇ એ સમયે તંત્રી પદે... આ લખનારે લાંબો સમય રિપોર્ટિંગ અને ડેસ્ક કામગીરી ઉપરાંત પૂર્તિની જવાબદારીએ સંભાળી હતી. મધુભાઇના સુઘડ અક્ષર અને લેખન આજે પણ નજર સમક્ષ આવે. સ્મૃતિવનમાં લટાર મારવાનું નિમિત્ત પૂરું પાડયું છે એ પુસ્તકોએ. મુંજી માતૃભૂમિ કે નમન દ્વિતીય આવૃત્તિ અને લાખેણા માડુ કચ્છજા... જ્યોતિષભાઇ ભટ્ટે પ્રસ્તાવનામાં પિતા મધુભાઇની ભાવના ટાંકી છે... 'હું આજે જે કંઇ છું તેમાં કચ્છમાં થયેલા સંસ્કાર સિંચન અને ઘડતરનું પ્રદાન વિશેષ છે.' મધુભાઇ ભટ્ટનું નામ કચ્છ વર્તુળમાં અજાણ્યું નથી. કચ્છમાં જન્મ, અભ્યાસ, ઉછેર થયો. કચ્છ જ્યારે કેન્દ્રશાસિત- સી સ્ટેટ - હતું ત્યારે સચિવાલયમાં કારકિર્દીની શરૂઆત થઇ... એ પછી બૃહદ મુંબઇ સેક્રેટરીએટ, માંડવી તાલુકા પંચાયત, રાજકોટ વિકાસ કમિશનર કચેરી, ત્યાંથી દાહોદ, જૂનાગઢ, ફરી ગાંધીનગર સચિવાલયમાં ફરજ બજાવી. એ દરમ્યાન કચ્છ સાથે આત્મીયતાથી જોડાયેલા રહ્યા. મધુભાઇએ કચ્છની જૂની પેઢીના દિગ્ગજ રાજકારણીઓ કાંતિપ્રસાદ અંતાણી, પ્રેમજી ભવાનજી ઠક્કર, તુલસીદાસ શેઠ, જેઠમલ મડૈયારથી લઇને સુરેશ મહેતા સુધી સક્રિય રહ્યા. એટલે કચ્છને જાણવાનો, કચ્છના પ્રશ્નો પિછાણવાનો, તેના ઉકેલ વિશે સૂચવવાનો મહાવરો કેળવાયો. લેખકે પુસ્તકમાં કચ્છના જુદા-જુદા રંગો વર્ણવ્યા છે એમાંની કેટલીક ચૂંટેલી વિગતોના રૂપમાં પુસ્તકનું આચમન લઇએ. - શિક્ષણની લગની - કવિઓને શિક્ષણ આપવા કચ્છમાં ધોરણસરની પાઠશાળા હતી વૃજભાષા પાઠશાળા. કવિ દલપતરામ કચ્છમાં રહી ગયા હતા. ભુજમાં પાટવાડી નાકે સંસ્કૃત શિક્ષણ માટે યુનિવર્સિટીને શોભે એવી ઇમારતમાં નાનીબા સાહેબ સંસ્કૃત પાઠશાળા હતી, છાત્રાલયની સુવિધા સાથે. એ જમાનામાં બેટદ્વારકાથી, સૌરાષ્ટ્રથી અને ઉત્તર ગુજરાતથી સંસ્કૃતનું શિક્ષણ લેવા વિદ્યાર્થીઓ ભુજ આવતા. - કચ્છીઓનું સ્થળાંતર - કચ્છ સૂકી ખેતીનો વિસ્તાર છે. માનવધન કરતાં દોઢગણી પશુધનની વસ્તી છે. કચ્છમાં ભૌગોલિક રીતે 'હોમોજીયસ' (એકસમાન) વિસ્તારો એકથી વધુ તાલુકામાં પથરાયેલા છે, જેમાં બન્ની, વાગડ, પ્રાંથળ, ગરડો, મિયાણીપટ્ટ, કંઠીપટ્ટ પણ અભ્યાસની દૃષ્ટિએ વિશિષ્ટ છે. વાહનવ્યવહારની ઓછી સુવિધા, સૂકી ખેતી, વિશાળ દરિયાકાંઠાના લીધે કચ્છીઓ સ્થળાંતર કરી ગયા છે. કુદરતે બક્ષેલી ખડતલપણાની વૃત્તિના કારણે કચ્છીઓ જ્યાં સ્થાયી થયા છે ત્યાં તેમની જમાવટ હોય છે. - વન્ય જીવન -કચ્છના રાજવીઓએ શિકાર શોખ માટે આફ્રિકાનાં જંગલોમાંથી આયાત કરેલા ચિત્તા ડુંગરાળ રખાલોની વચ્ચે હતા, પરંતુ જાનમાલનો નાશ કરતા તેથી ચિત્તા-સૂવર સત્યાગ્રહ થયો. ક્રમે ક્રમે ચિત્તાની વસ્તી નામશેષ થઇ છે. કચ્છમાં પક્ષીની ૧૭૯ જેટલી જાતો છે, તેમ ૧૮૭૮માં પોલિન નામના પક્ષીવિદ્ પાસે કચ્છ રાજ્યે કરાવેલો અભ્યાસ જણાવે છે. - ભૌગોલિક રચના - કચ્છમાં ડુંગરાઓની ત્રણ ધાર છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ધાર. ઉત્તરમાં ખાવડા, ખડીર અને પ્રાંથળ, પૂર્વે રણપ્રદેશમાં કાળો ડુંગર, ખાવડામાં ખડીરમાં ખડિયો, પ્રાંથળમાં નીલવો, મોખાણિયો, રાએમલરો, ભંજડો વગેરે... મધ્ય ધારમાં ધીણોધર, ઝારો, વારાળ, હબાય, ઝુરણ, બેલાડી, કાંસવો, કીરો વગેરે, દક્ષિણ ધારમાં નનામો, ધ્રબવો, લકી, ચાડવા અને ખાત્રોડ, વાગડમાં કંથકોટ સ્વતંત્ર હોવાનું જણાય છે. કચ્છમાં ઊંચામાં ઊંચો પહાડ કાળો ડુંગર ૧૫૨૫ ફૂટ છે.

# ક્યાં સુધી કરદાતાઓના ખભે રેવડીનો બોજ લદાશે!

દેશના નાગરિકોને સાવ વિનામૂલ્યે અને પરિશ્રમ વગર મળતી સુવિધાઓ સંદર્ભે સુપ્રીમ કોર્ટે ફરી આકરું વલણ અપનાવ્યું છે. મુખ્ય ન્યાયાધીશે સણસણતો અને સીધો સવાલ પૂછયો છે કે, ક્યાં સુધી આવી રીતે મફત ખાવાનું કે સુવિધાઓ આપતા રહેશો ? વિવિધ રાજ્યની સરકારોને ટકોર કરતાં સર્વોચ્ચ અદાલતના જસ્ટિસે કહ્યું છે કે, ખેરાત આપવાને બદલે રોજગાર આપો તે વધારે જરૂરી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ પણ રેવડી કલ્ચર ઉપર કોર્ટે વારંવાર પોતાના ચુસ્ત અભિપ્રાય આપ્યા છે. કોઈ રાજકીય પક્ષ જો કે, આ મફત સુવિધાઓ આપવામાંથી બાદ નથી. એકબીજાનો વિરોધ કરે છે, પરંતુ દરેક પક્ષ અલગ-અલગ રીતે મત માટે મફતના શરણે જ જાય છે. સમગ્ર દેશ માટે આ ચિંતાનો વિષય છે. સરકારનું કામ એ છે કે, રોજગારીની એટલી તકો ઊભી કરે કે દરેકને કામ મળે અને તેમની જરૂરિયાતો સંતોષાઈ શકે. ચીફ જસ્ટિસ સૂર્યકાંતે ગુરુવારે એક સુનાવણી દરમિયાન કહ્યું કે, વિવિધ પ્રકારની મફતની યોજનાઓ માટે જે ખર્ચ થાય છે, તે આખરે કરદાતાઓ સિવાય કોણ ઉઠાવશે ? પહેલાં તો ભોજન અને વીજળી મફત અપાતા હતા. હવે નાગરિકોના ખાતામાં સીધા જ પૈસા જમા થાય છે. કોર્ટે કહ્યું કે, સરકારે રોજગારીની તકો ઉપર ધ્યાન આપવું જોઈએ. વિકાસ પાછળ હવે ખર્ચ ઓછો થઈ રહ્યો છે. મફત સુવિધા તથા રોકડા રૂપિયા આપવાની પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટે આર્થિક સમજદારીથી પર એવી બાબત ગણાવી છે અને કહ્યું છે કે, મફત રેવડી કે ડોલ્સ આપવાને બદલે રોજગાર ઉત્પન્ન થાય તેને પ્રાથમિકતા આપવી જોઈએ. સંખ્યાબંધ રાજ્યો રાજકોષીય ખોટનો સામનો કરી રહ્યાં છે, છતાં કલ્યાણકારી યોજનાઓ વધારી રહ્યા છે. કર્મચારીઓના વેતન અને મફતની સુવિધાઓ પાછળનો ખર્ચ એટલી હદે વધી રહ્યો છે કે, સરકાર વિકાસ માટેનું જરૂરી ફંડ પણ જાળવી રાખવા માટે ક્યારેક અસમર્થ બની જશે. તામિલનાડુ વિદ્યુત વિતરણ નિગમ વિરુદ્ધ ભારત સરકારના કેસની સુનાવણી કરતી વખતે કોર્ટે આ કહ્યું હતું. ચૂંટણી હોય ત્યારે તો આવી યોજનાઓની જાહેરાતો બધે જ થતી હોય છે. દિલ્હીમાં કેજરીવાલે સત્તા સંભાળી એ પછી મફત વીજળીની લહાણી કરી હતી. સત્તામાં હોય તે પક્ષ અને સત્તામાં આવવા ઈચ્છતી પાર્ટી બધા જ રોજગારથી માંડીને અનેક પ્રકારના વચન આપતા હોય છે. સબસિડી કે સંપૂર્ણ રાહત એવું કંઈ પણ થાય તેનો બોજ આખરે તો જે લોકો કરવેરા ભરે છે તેના ઉપર જ આવે. સુપ્રીમકોર્ટે આ જ ચિંતા કરી છે અને કહ્યું છે કે, ક્યાં સુધી કરદાતાઓ ઉપર આ બોજ નાખતા રહેશો ? આમ પણ લોકશાહીમાં કોઈ પણ રાજ્ય કે કેન્દ્ર સરકાર લોકોને કોઈ સુવિધા કે વિકાસ કામની 'ભેટ' આપ્યાનો દાવો કરી શકે નહીં કારણ કે, સમગ્ર 'તંત્ર' 'લોક'ના પૈસા ઉપર જ ચાલતું હોય છે, એટલે જે કંઈ મફત મળે છે તે પણ પ્રજાના પૈસાથી મળે છે. સુપ્રીમ કોર્ટની ચિંતા એટલા માટે પ્રસ્તુત છે કે, જે મફત અપાય છે તે એક મોટા વર્ગના ઘરવેરામાંથી જ અપાતું હોય છે.

**આ ટેરિફ અમાન્ય થઈ ગયા છે પણ ગ્લોબલ ટેરિફ ૧૫ ટકા આવી જતાં બધા દેશો પર ૧૫ ટકા ટેરિફ લાગશે.**

# યુએસ સુપ્રીમ કોર્ટનો ચુકાદો, ટ્રમ્પ ભારતને બનાવી ગયા

## ટ્રમ્પે પહેલાં મોટા ભાગના દેશો પર ૨૫ ટકાની આસપાસ ટેરિફ ઠોકી બેસાડ્યા છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે દુનિયાભરના દેશો પર લાદેલા ટેરિફને અમેરિકાની સુપ્રીમ કોર્ટે ગેરકાયદે ગણાવીને રદ કરી દીધા પછી દુનિયાભરમાં ઓચ્છવ થઈ ગયેલો. ફાટીને ધુમાડે ગયેલા ટ્રમ્પની સાન સુપ્રીમ કોર્ટે ઠેકાણે લાવી દીધી છે એવા દાવા થતા હતા. સુપ્રીમ કોર્ટના ચુકાદાના કારણે ભારતને બહુ ફાયદો થશે ને ટ્રમ્પની સરકારે ટેરિફ પેટે વસૂલેલી રકમ કંપનીઓને પાછી આપવી પડશે એવી પણ વાતો થતી હતી પણ ટ્રમ્પે ૨૪ કલાકમાં આ બધી વાતોની હવા કાઢી નાંખી છે. ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમર્જન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) હેઠળ ભારત સહિતના દેશો પર ૨૫ ટકાથી વધુ ટૅરિફ ઠોકી દીધી હતી. અમેરિકાની સુપ્રીમ કોર્ટે ટૅરિફને ગેરકાયદે ગણાવતાં કહેલું કે, ટ્રમ્પ પાસે IEEPA હેઠળ ટૅરિફ લાદવાની સત્તા જ નથી. IEEPA હેઠળ ટૅરિફ અમેરિકાની સંસદ લાદી શકે, પ્રમુખ નહી તેથી સુપ્રીમ કોર્ટે શુક્રવારે ૬-૩ના બહુમતીથી ચુકાદો આપતાં ટ્રમ્પ દ્વારા લગાવવામાં આવેલા ટૅરિફને રદ કરી દીધો હતો. ટ્રમ્પ સુપ્રીમ કોર્ટના આ ચુકાદા માટે તૈયાર જ બેઠા હોય એમ ચુકાદો આવ્યાના કલાકમાં તો અમેરિકામાં આવતા તમામ માલ પર ૧૦ ટકા ગ્લોબલ ટૅરિફ લાદવાની જાહેરાત કરી દીધી હતી. અમેરિકાના 'ટ્રેડ એક્ટ ઓફ ૧૯૭૪' નામે કાયદો છે. આ કાયદાની કલમ ૧૨૨ હેઠળ અમેકિકાના પ્રમુખને દેશ પર આર્થિક સંકટનો ખતરો જણાય કે દેશની વ્યાપાર ખાધ વધતી લાગે તો આયાત પર ટૅરિફ તાત્કાલિક ટૅરિફ લગાવવાની સત્તા છે. આ નિયમ હેઠળ રાષ્ટ્રપતિ કોઈ પણ પ્રકારની પ્રક્રિયા વગર કામચલાઉ ધોરણે ટૅરિફ લાદવાનો નિર્ણય લઈ શકે છે. તકાળમાં ૧૯૭૧માં રિચાર્ડ નિક્સને આ સત્તાનો ઉપયોગ કરીને દુનિયાભરના દેશો પર ૧૦ ટકા ગ્લોબલ ટૅરિફ લાદી દીધી હતી. અમેરિકામાં આવો કોઈ કાયદો નહોતો કે પ્રમુખ પાસે આવી અબાધિત સત્તા નહોતી તેથી નિક્સને લાદેલા ગ્લોબલ ટૅરિફનો મામલો કોર્ટમાં ગયો હતો. કોર્ટે આ ટૅરિફને માન્ય રાખેલા કેમ કે ટૅરિફ અમેરિકાના હિતમાં હતા પણ સાથે સાથે ટકોર કરેલી કે, ભવિષ્યમાં આર્થિક કટોકટી આવે તો તેને પહોંચી વળવા પ્રમુખ પાસે કાનૂની અધિકારો હોવા જોઈએ. તેના પગલે ૧૯૭૪માં ટ્રેડ એક્ટ ૧૯૭૪ બનાવાયો હતો. અત્યાર સુધી બીજા કોઈ પ્રમુખે ટ્રેડ એક્ટ ૧૯૭૪ લાગુ કર્યો નથી કે કલમ ૧૨૨નો ઉપયોગ કર્યો નથી. ટ્રમ્પ ૧૨૨ લાગુ કરનારા પહેલા પ્રમુખ છે તેથી તેને કોર્ટમાં પડકારવામાં આવે ત્યારે અમેરિકાની કોર્ટ તેનું કેવું અર્થઘટન કરશે એ કોઈને ખબર નથી પણ અત્યારે તો ટ્રમ્પનો હાથ ઉપર છે. આ કાયદા હેઠળ પ્રમુખ મહત્તમ ૧૫ ટકા ટૅરિફ લાદી શકે છે. ટ્રમ્પે એ સત્તાનો ઉપયોગ કરીને શુક્રવારે જાહેર કરેલા ૧૦ ટકા ટૅરિફમાં ૫ ટકાનો વધારો કરીને ૧૫ ટકા કરી નાંખી છે. ટ્રમ્પે પહેલાં મોટા ભાગના દેશો પર ૨૫ ટકાની આસપાસ ટૅરિફ ઠોકી બેસાડ્યા છે. તેની સરખામણીમાં ૧૫ ટકા ટૅરિફ રાહતરૂપ લાગે પણ ટ્રમ્પને ટૅરિફ લાદવાનો અધિકાર જ નથી તેથી ટ્રમ્પ ઠેકાણે પડી જશે એવી વાતો થતી હતી એ વાતોનો છેદ ઉડી ગયો છે. ટ્રમ્પે ટ્રેડ એક્ટ ૧૯૭૪ હેઠળ મળેલી સત્તાનો ઉપયોગ કરીને લાદેલી ૧૫ ટકા ગ્લોબલ ટૅરિફ ૧૫૦ દિવસ સુધી લાગુ રહેશે. આ સમયગાળા દરમિયાન સરકાર સ્થિતિની સમીક્ષા કરીને આગળનો નિર્ણય લેશે એવું કાયદો કહે છે. ટ્રમ્પની માનસિકતા જોતાં એ ૧૫૦ દિવસનો સમયગાળો પૂરો થતાં બીજા ૧૫૦ દિવસ માટે ગ્લોબલ ટૅરિફ લંબાવી દેશે તેથી ટ્રમ્પના ટૅરિફ કાયમી થઈ જવાના. ટ્રમ્પના ગ્લોબલ ટૅરિફના નિર્ણયને અદાલતોમાં પડકારાશે એ નક્કી છે પણ અદાલતોમાં નિર્ણય આવતાં મહિનાઓ વિતી જશે. ટ્રમ્પે ગયા વરસે એપ્રિલમાં બધા દેશો પર ટૅરિફની જાહેરાત કરી હતી. આ ટેરિફ કાયદેસર છે કે નહીં તેનો ચુકાદો આવતાં ૧૦ મહિના લાગી ગયા. ટ્રેડ એક્ટના આધારે લગાવાયેલા ટૅરિફની કાયદેસરતા નક્કી કરવામાં અદાલતો એટલો જ સમય લે એવું માનીએ તો ટ્રમ્પ માટે એટલો સમય પૂરતો છે. આ દરમિયાન ટ્રમ્પના સાથી કશુંક નવું શોધી લાવશે અથવા ટ્રમ્પ નવા કાયદા બનાવી દેશે તેથી ટૅરિફનું લફું જવાનું નથી.

સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી આપણે ત્યા કેટલાક હરખપદૂડાઓએ એવી વાતો વહેતી કરી નાંખી કે, ભારતને બહુ મોટો ફાયદો થઈ જશે. આ નમૂનાઓને ભારત અમેરિકામાં શું મોકલે છે ને અમેરિકાની સુપ્રીમ કોર્ટના ચુકાદાની અસર શું પડશે એ જ ખબર નથી. ભારત સ્ટીલ અને એલ્યુમિનિયમ મોટા પ્રમાણમાં અમેરિકા મોકલે છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાને કારણે સ્ટીલ અને એલ્યુમિનિયમ પરના ટૅરિફ રદ થયા નથી કેમ કે સ્ટીલ અને એલ્યુમિનિયમ પર અલગ કાયદા હેઠળ ટૅરિફ લગાવાય છે. આ ટૅરિફ હજુ પણ લાગુ રહેશે તેથી ભારતને મોટો ફાયદો નથી. સુપ્રીમ કોર્ટના ચુકાદામાં રેસિપ્રોકલ ટૅરિફ અને સ્પેશિયલ ટૅરિફ એ બેને ગેરકાયદેસર ગણાવાયા છે. ટ્રમ્પનું કહેવું હતું કે, અમેરિકા જેવા સાથે તેવા થઈને જે દેશ અમેરિકાના માલ પર જેટલો ટૅરિફ લગાવે છે તેટલો ટૅરિફ હવે અમેરિકા તેમના માલ પર વસૂલશે, તેમાં ભારત પર ૨૬ ટકા, ચીન પર ૩૪ ટકા એમ અલગ અલગ ટૅરિફ નક્કી કરવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટના નિર્ણય પછી આ ટૅરિફ અમાન્ય થઈ ગયા છે પણ ગ્લોબલ ટૅરિફ ૧૫ ટકા આવી જતાં બધા દેશો પર ૧૫ ટકા ટૅરિફ લાગશે. આ સંજોગોમાં જે દેશ સસ્તો માલ આપી શકશે એ અમેરિકામાં માલ વેચી શકશે. અમેરિકા સાથેના ટ્રેડ ડીલની શરતો પ્રમાણે ભારત પરનો ટૅરિફ ૧૮ ટકા થઈ જવાનો હતો પણ હવે ભારત પર પણ ૧૫ ટકા ટૅરિફ જ લાગશે તેથી ટૅરિફમાં ભલે ઘટાડો થયો પણ સ્પર્ધા વધી ગઈ કેમ કે દુનિયાના બધા દેશો પર ૧૫ ટકા જ ટૅરિફ લાગવાનો છે. આ સંજોગોમાં ટ્રેડ ડીલનો કોઈ ફાયદો આપણને નહીં મળે.

સામે આપણે અમેરિકાના માલ પર ટૅરિફ ઘટાડીશું એ જોતાં ટ્રેડ ડીલ કરવામાં ઉતાવળ થઈ ગઈ હોય એવું લાગે છે. ટ્રમ્પને અંદાજ આવી ગયો હશે તેથી દબાણ કરીને ભારતને ટ્રેડ ડીલ કરવા તૈયાર કરીને અમેરિકાનો ફાયદો કરાવી લીધો અને ભારતને બનાવી ગયા. ટ્રમ્પના દોસ્તોને આ ચાલ સમજાઈ જ નહીં.

ટ્રમ્પે કેનેડા, ચીન અને મેક્સિકોથી આવતા કેટલાક સામાન પર ૨૫ ટકા સ્પેશિયલ ટૅરિફ લગાવી હતી. ટ્રમ્પનું કહેવું છે કે આ દેશોએ અમેરિકામાં ફેન્ટેનાઈલ ઘુસાડીને ડ્રગ્સનો કારોબાર કરાય છે તેને રોકવા માટે પૂરતા પગલાં લીધાં નથી. કોર્ટના નિર્ણયે આ ૨૫ ટકા ટૅરિફને પણ રદ કરી દીધો છે તેથી સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેનેડા, ચીન, મેક્સિકો સહિતના દેશો વધારે ફાયદામાં છે.

**વૈષ્ણવ છે. અમેરિકા અને ચીનની શત્રસ્પર્ધા અને એઆઈના ઈજારા સામે ભારતે ક્ષત્રીજા વિશ્વ'ને જગાડયું છે !**

# ભારત વિશ્વમાં ત્રીજી ટેક્નોલોજી મહાસત્તા

> • આથી જ સરકારે કૌશલની (સ્કીલિંગ)ની તાલીમ આપીને એઆઈ આધારિત ભવિષ્ય માટે યુવા વર્ગને તૈયાર કરવાનો નિર્ણય કર્યો હતો. ઈતિહાસ જુઓ તો ટેક્નોલોજીના કારણે કામ-રોજગાર ગયા નથી પણ નવી તક - અવસર મળ્યા છે.

આર્ટિફિશિયલ ઈન્ટલિજન્સના ક્ષેત્રમાં વિકાસ અને વિનાશની ચર્ચા ઘણા વર્ષોથી થઈ રહી હતી. મુખ્યત્વે માનવીના દિમાગનું કામ હવે કૃત્રિમ - યાંત્રિક દિમાગ કરે અને માનવીનું કામ યંત્ર માનવ કરે તો આપણી જરૂર શું છે ? મોટરકાર આપમેળે- સ્વસંચાલિત હોય તો ડ્રાઈવરની શી જરૂર ? વિશ્વમાં બેકારી વધશે અને પરિણામે અશાંતિ-અરાજકતા સર્જાશે એવી શંકા અને શક્યતા ગંભીર છે. આધુનિક ટેક્નોલોજી 'ભસ્માસુર' જેવી છે ! સદુપયોગ કરતાં દુરુપયોગ વધુ થાય જ. આ બાબતમાં ચર્ચા થઈ છે પણ વિચારણા નહીં ! આખરે ભારત - વડાપ્રધાન નરેન્દ્રભાઈએ 'એઆઈ'ને 'જવાબદાર' બનાવવાની દિશામાં પહેલ કરી અને વિશ્વના દેશોને આમંત્રણ આપ્યું. આવો આ વિષયના સારાસાર - લાભ - ગેરલાભની ચર્ચા-વિચારણા કરીએ. માનવજીવન માટે થનારા લાભ વિચારીએ અને વિશ્વના ૧૦૦ દેશોએ નવી દિલ્હીની 'શિખર પરિષદ'માં ભાગ લીધો. જે ક્ષેત્ર અને વિષયમાં માત્ર અમેરિકા અને ચીનની ઈજારાશાહી છે ત્યાં 'ત્રીજા વિશ્વ'ના હિતની ચર્ચા થઈ અને અવાજ ઊઠયો. આવી આગેવાની લેવાનો વિચાર ભારતને, નરેન્દ્ર મોદીને જ આવ્યો અને સૌએ વધાવી લીધો. ભારતનાં જ્ઞાન અને વિજ્ઞાનનો પરિચય વિશ્વને થયો. અમેરિકાએ ટેરિફ આક્રમણથી યુરોપ સહિત તમામ દેશોને પડકાર્યા, ઝુકાવવાની શરૂઆત કરી. ભારતે શાંતિ અને સાવચેતીથી જવાબ આપ્યો. યુરોપ સાથે વ્યાપાર સમજૂતી કરી. ૩૮ દેશ સાથે વ્યાપારની વ્યવસ્થા કરી. વ્યાપાર મોરચે વ્યાપરપ્રધાન પીયૂષ ગોયલ હતા તેવી જ રીતે એઆઈ મોરચે અશ્વિની


વૈષ્ણવ છે. અમેરિકા અને ચીનની શત્રસ્પર્ધા અને એઆઈના ઈજારા સામે ભારતે 'ત્રીજા વિશ્વ'ને જગાડયું છે ! ભૂતકાળમાં જવાહરલાલ નેહરુએ 'તટસ્થ' દેશોનું ગ્રુપ ઊભું કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. હવે સમય અને સંજોગો બદલાયા છે. આઈટી ક્ષેત્રે ભારત આગળ છે. ડિજિટલ વ્યવહારમાં પણ ભારતે પહેલ કરી છે. અમેરિકા અને અન્ય વિકસિત દેશોમાં કાર્ડમની પ્લાસ્ટિક કાર્ડ ઉપર વહેવાર ચાલે છે, જ્યારે ભારતમાં પાનવાળા અને ફેરિયાઓથી લઈ મહિલાઓ અને કિસાનો સુધી ડિજિટલ વ્યવહાર સામાન્ય છે. આમજનતા - ગ્રાહકલક્ષી ક્રાન્તિ સફળ થઈ રહી છે. ભારતમાં નવી ટેક્નોલોજી સ્વીકૃત થઈ છે અને સમાજને લાભ થયો છે. સામાજિક સશક્તીકરણ માટે ટેક્નોલોજીનું યોગદાન મોટું છે. પરિણામે આર્થિક વિકાસની નવી દિશાઓ ખૂલી છે. 'આધાર' કાર્ડ - જનકલ્યાણ માટેની નાણાકીય સહાય લાભાર્થીને ડાયરેક્ટ પહોંચે છે - દલાલ - દલાલી નથી. યુપીઆઈ પેમેન્ટની ક્રાન્તિ સૌ સ્વીકારે છે. કોવિડ વખતે જે ઝડપથી રસીકરણ દેશ-વિદેશ વ્યાપી થયું તે ભારતની વ્યવસ્થા શક્તિનો પુરાવો છે. નાગરિકો - ગ્રાહકોને ભારતની નવી ટેક્નોલોજીના વિકાસનો લાભ મળ્યો તે વિશ્વના - વિકસિત દેશોએ પણ જોયું, સ્વીકાર્યું છે. તમામ શંકા - આશંકા ખોટી સાબિત થઈ છે. 'આધાર'ના ડેટા -માહિતી ખાનગી રહેવા અંગે હજુ શંકા છે જ. સાયબર ક્રાઈમમાં ઉચાપત - છેતરપિંડીના કિસ્સા વિકસિત દેશોમાં પણ વધી રહ્યા છે ત્યારે નવી દિલ્હીની શિખર - પરિષદમાં કોઈ માર્ગ - ઉપાય સૂચવાશે ? મૂળ પ્રશ્ન - નવી ટેક્નોલોજી - એઆઈ લોકોને કેવી રીતે લાભકારક બનશે ? શિક્ષણ અને સ્વાસ્થ્યથી લઈને શાસનતંત્ર - લોકતંત્ર ઉપરના 'આક્રમણ' કેવી રીતે ખાળશે ? મોબાઈલ ફોન સાથે વોટ્સએપ આવ્યા અને ચૂંટણીમાં લોકમત પલટાવી નાખવામાં ભાગ ભજવ્યો ! પણ તેનો દુરુપયોગ થાય છે તે આપણે જોયું છે. હવે વિકસિત દેશો પણ લોકોની ઊગતી પેઢી - કિશોર અવસ્થાના વર્ગની બરબાદી બચાવવાનાં પગલાં લઈ રહ્યા છે. એઆઈ તો તેનાથી ઘણું આગળ છે. 'એઆઈ'નાં પરિણામે માઈક્રોસોફ્ટથી લઈને ટાટા કન્સલ્ટન્સી સુધી હજ્જારો કર્મચારીની છટણી થઈ છે. હવે ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ શરૂ થઈ રહ્યો છે, ત્યારે ભારતમાં બેકારી વધે તેવી શક્યતા છે. નાણાપ્રધાનના બજેટ પૂર્વેના આર્થિક સર્વેક્ષણમાં જણાવાયું હતું કે, ભારતમાં દર વર્ષે ૮૦ લાખ નવા કામ-નોકરીની જરૂર ઊભી થાય છે. આગામી વર્ષોમાં આ મોટો પડકાર હશે. આપણે નવી રોજગારીની તક ઊભી કરી શકીએ તેના કરતાં બેકારીની ગતિ વધુ હશે - આથી સજાગ રહેવાની જરૂર છે. વડાપ્રધાન મોદી કહે છે : યુવા વર્ગને રોજગારીની ચિંતા છે, પણ ભય સામે સતર્ક રહીને તૈયારી કરવી જોઈએ -ભય અને અનિશ્ચિત સ્થિતિનો આ ઉપાય છે. આથી જ સરકારે કૌશલની (સ્કીલિંગ)ની તાલીમ આપીને એઆઈ આધારિત ભવિષ્ય માટે યુવા વર્ગને તૈયાર કરવાનો નિર્ણય કર્યો હતો. ઈતિહાસ જુઓ તો ટેક્નોલોજીના કારણે કામ-રોજગાર ગયા નથી પણ નવી તક - અવસર મળ્યા છે. નવી ટેક્નોલોજીમાં પણ આપણા અર્થતંત્રમાં કૌશલ્યવાન યુવાનોની ભરતી થશે. હકીકતમાં કેન્દ્ર સરકારના બજેટમાં પણ સાર્વત્રિક સુધારા એક્સપ્રેસ ઉપરાંત એઆઈના વ્યાપક ઉપયોગ સાથે જરૂરી કેન્દ્રો - સંશોધન ઈનોવેશન માટે જોગવાઈ કરવામાં આવી છે. અત્યારે જે શિખર પરિષદ યોજાઈ છે, તેની પૂર્વ તૈયારી બજેટમાં જ થઈ હતી. આ પરિષદનો લોગો - મંત્ર પણ સર્વજનહિતાય, સર્વજન સુખાય છે. આ મંત્ર અર્થપૂર્ણ છે. નવી ટેક્નોલોજી ધનાઢ્ય વિકસિત દેશોનો ઈજારો રહે નહીં, વિશ્વમાં સૌને તેનો લાભ મળે - પ્રદેશ, વ્યક્તિની આવક અથવા કોઈ પણ ભેદભાવ વિના - શહેર અને ગ્રામ્યજનતાને પણ લાભ મળવો જોઈએ. અત્યારે માત્ર ઈંગ્લિશ ભણેલાને લાભ મળે છે તેના સ્થાને ગમે તે ભાષા હોય - લાભ સૌને મળવો જોઈએ. વડાપ્રધાને 'અમૂલ'નો અનુભવ અને સિદ્ધિ ટાંકતાં કહ્યું છે કે, ૩૬ લાખ મહિલાને પશુધનનાં સ્વાસ્થ્ય અને દૂધ ઉત્પાદકતાની સમયસર માહિતી ગુજરાતી ભાષામાં મળી રહે છે. કોઈ જાતના - પ્રકારના ભેદભાવ વિના તમામ લાભાર્થી હોય તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. કૃષિ ક્ષેત્રે મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને કર્ણાટકના કિસાનોએ વાવણીને લગતી માહિતી અને માર્ગદર્શન મેળવી છે. ફસલ, કિસાન અંઈ, ઉયવફફાતિથા ઠકઅગઝઈડથી સમયસર માર્ગદર્શન વાવણી તથા ઊભા પાકને બચાવે છે. આ ક્રાન્તિ માટે સ્વદેશી 'ડેટા'નું મહત્ત્વ છે. સુરતમાં તો એઆઈ દ્વારા રખાતી ચાંપતી નજરથી ગુનાખોરીમાં ૨૭ ટકાનો ઘટાડો થયો છે. આ પરિષદનો આશય અંઈનો હાનિકારક ઉપયોગ રોકવાનો છે. ખોટી માહિતીનો પ્રસાર આજે વિશ્વના દેશો માટે મોટો પડકાર છે અને તે રોકવા માટે ટેકનિકલ તથા લીગલ ઉપાય અજમાવવા પડશે. લોકશાહી સંસ્થાઓ, સામાજિક વિશ્વાસ અને જાહેર સલામતીને ખોટા પ્રચારથી ખતરો છે અને માત્ર કાયદા કરવાથી બચાવ થાય નહીં તેથી વધુ ગંભીર પગલાં વિચારાઈ રહ્યાં છે. તાજેતરમાં ભારતીય સુપ્રીમ કોર્ટમાં મુખ્ય ન્યાયમૂર્તિએ પણ કહ્યું છે કે, હવે સિનિયર વકીલો પણ અંઈના આધારે અરજી કરવા લાગ્યા છે .

**વડાપ્રધાનની આ વાત વિશ્વ સ્તરે ગતિશીલ રીતે વ્યાપી રહેલી આ ટેક્નોલોજી સંદર્ભે અગત્યની છે**

# એ.આઈ.; ભય નહીં, ભાગ્ય

## ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ મેક્રોં આફરિન પોકારી ગયાને કહ્યું કે, દુનિયાનો કોઈ દેશ વિચારી ન શક્યો એ ભારતે કરી બતાવ્યું.

વિશ્વ સ્તરે જેની સતત ચર્ચા છે તેવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિશે ભારતમાં વિરાટ સંમેલન યોજાય તે પોતે જ એક નોંધપાત્ર ઘટના છે. ટેક્નોલોજીના વૈશ્વિક પ્રવાહો સાથે ભારત તાલ મિલાવી રહ્યું છે તે પુરવાર થાય છે. કોમ્પ્યુટર હોય કે ટેલિફોન ક્રાંતિ કે પછી ટેલિવિઝન, ભારતે પ્રગતિ કરી હતી, પરંતુ નેતૃત્વ લીધું હોય કે જગતના અન્ય દેશોની સાથે જ ચાલ્યું હોય તેવું ઓછું બન્યું છે. એઆઈ એક એવો અધ્યાય છે જેમાં ભારત પણ પાયોનિયરની હરોળમાં છે. સદીઓથી એ સત્ય છે કે, વૈજ્ઞાનિક શોધ, સંસોધનો પણ બે બાજુ વાળો સિક્કો છે. ટેક્નોલોજીના વિવિધ પાસાં છે અને તેના પરિણામ અને પરિમાણ છે. અન્ય શોધોની જેમ એ.આઈ. પણ પ્રારંભિક તબક્કે છે ત્યારે તેના માટેના સંશય, ભય અને અસ્થાને નથી, પરંતુ ભારતમાં મળેલું સમેલન અને તેમાં વડાપ્રધાને કરેલું ઉદ્બોધન સંશયોના સમાધાન તરફ લઈ જનારાં પરિબળ બની રહેશે. જ્યારે કોમ્પ્યુટરની શોધ થઈ ત્યારે પણ એવું લાગતું હતું કે, હવે રોજગારીની તકો ઘટશે. સ્થિતિ ઊલટી થઈ, કોમ્પ્યુટર રોજગારી આપનારું મહત્ત્વનું માધ્યમ બન્યું અને આજે જીવનના-વ્યવસાયના અનેક પાસાં તેના પર આધારિત છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આજે વિશ્વના તમામ ક્ષેત્રો ઉપર પ્રભાવ પાડી રહ્યું છે. એ.આઈ. હિસાબ કરી દે છે, જ્યોતિષિની ભૂમિકામાં પણ છે અને એ.આઈ. લેખ લખી દે છે, ફિલ્મ પણ બનાવી આપે છે. શું થશે તેવો પ્રશ્ન થાય તે સ્વાભાવિક છે. શિખર સંમેલનમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે વાત કરી તે ભારતનું વલણ રહ્યું છે. ભારતનો સ્વભાવ છે. તેમણે કહ્યું કે, એ.આઈ.નો ઉપયોગ માનવના વિશાળ હિતમાં થવો જોઈએ. આપણે તો એટેમિક એનર્જીનો ઉપયોગ પણ તે રીતે જ કર્યો છે. વડાપ્રધાને કહ્યું કે એ.આઈ. નોકરીઓ ઉપર પૂર્ણવિરામ નહીં મૂકે, પરંતુ નોકરીનું સર્જન કરશે. વિશ્વ સમુદાયને તેમણે એક આહ્વાન કરતાં કહ્યું કે, એ.આઈ. માનવ મૂલ્યો પર આધારિત હોવું જોઈએ, માનવતાની ભલાઈ માટે હોવું જોઈએ. એ.આઈ.નાં આગમનથી ઘણા ક્ષેત્રમાં કાર્યરત લોકો કામ વગરના થશે તે ઉપરાંત કોઈ નિયંત્રણ સમાગ્રી ઉપર નહીં રહે તેવા અનેક ડર છે તેના અનુસંધાને નરેન્દ્રભાઈએ કહ્યું કે, કેટલાક લોકોને એ.આઈ.માં ભય દેખાય છે, કેટલાકને ભાગ્ય દેખાય છે. અમે એ.આઈ.માં ભાગ્ય જોઈએ છીએ. વડાપ્રધાનની આ વાત વિશ્વ સ્તરે ગતિશીલ રીતે વ્યાપી રહેલી આ ટેક્નોલોજી સંદર્ભે અગત્યની છે તેમણે માનવ - એવું વિશેષણ આ એ.આઈ.ને આપ્યું છે, એઆઈ એટલે મોરલ-નૈતિક , એકાઉન્ટેબલ - જવાબદાર, નેશનલ સોવરેનિટી- રાષ્ટ્રીય સંપ્રભુતા, એક્સેસેબલ- સુલભ, અને વેલિડ- માન્ય હોવું જોઈએ. વડાપ્રધાને એ.આઈ.ની કરેલી આ વ્યાખ્યા જ એ વાતની દ્યોતક છે કે આખરે તો ટેક્નોલોજીને મુલવવા માટે માનવીય બુદ્ધિ જ સર્વોપરી નિવડી શકે. સમસ્ત વિશ્વમાં જ્યારે આ વિષયની ચર્ચા છે, ત્યારે ભારતે આ આયોજન કરીને નવી દિશામાં વિશ્વને સાથે રાખીને ડગ માંડયું છે. વિરાસત ભી, વિકાસ ભીનું સૂત્ર અહી પણ પડઘાય છે. એ.આઈ. સંમેલનની પહેલને વ્યાપક આવકાર મળ્યો છે.




ફ્રાન્સના રાષ્ટ્રપ્રમુખ મેક્રોં આફરિન પોકારી ગયાને કહ્યું કે, દુનિયાનો કોઈ દેશ વિચારી ન શક્યો એ ભારતે કરી બતાવ્યું. સંમેલનમાં ૭૦ દેશે દિલ્હી ઘોષણાપત્ર પર સહી કરી છે અને ૨૫૦ અબજ ડોલરનું રોકાણ ખેંચવામાં ભારતને સફળતા મળી છે જે ઉલ્લેખનીય છે. ગલગોટિયા યુનિવર્સિટીનું જુઠાણું અને એનએસયુઆઈના કાર્યકર્તાઓનું અશોભનીય પ્રદર્શન કરી કાળી ટીલી બની રહ્યા, પણ સારાં કામમાં વિઘ્નો નાખનારા નકારાત્મક તત્ત્વો કંઈ બગાડી નથી શક્યા.



# કૃતિકા કામરા અને ગૌરવ કપૂર ૧૧ માર્ચે સિવિલ મેરેજ કરશે

## ૧૨ માર્ચે મુંબઈમાં મિત્રો અને કલીગ્ઝ માટે રીસેપ્શન પાર્ટી રાખશે

ટીવી અને ફિલ્મ એક્ટ્રેસ કૃતિકા કામરા અને ટેલિવિઝન પ્રેઝેન્ટર તથા ક્રિકેટ કોમેન્ટેટર ગૌરવ કપૂર પોતાના જીવનના નવા પ્રકરણની શરૂઆત કરવાની તૈયારી કરી રહ્યાં છે. બંને ૧૧ માર્ચે મુંબઈમાં ગૌરવના ઘરે એક પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં ઈન્ટિમેટ સાઈનિંગ સેરેમની દ્વારા સિવિલ મેરેજ કરીને પોતાના સંબંધને સત્તાવાર બનાવશે. આ પ્રસંગે નજીકના પરિવારજનોની હાજરીમાં બંને પ્રતિજ્ઞા લેશે, ત્યારબાદ નજીકના પરિવાર અને ખાસ મિત્રો સાથે એક નાની ઉજવણી કરશે.

ત્યાર બાદ બંને ૧૨ માર્ચે જ્યારે કૃતિકા અને ગૌરવ તેમની વ્યક્તિગત પસંદને દર્શાવતા અને ખાસ આયોજન સાથેના રીસેપ્શનનું આયોજન કરશે. જેમાં ભવ્યતા કરતાં સુંદરતા, સાદગી અને આજના સમયનો અંદાજ મહત્વનો હશે. પરંપરાગત ભવ્ય લગ્ન સમારંભથી અલગ, બંનેએ વધુ વ્યક્તિગત અને અર્થસભર અભિગમ અપનાવ્યો છે.

સાંજના કાર્યક્રમમાં વૈભવી પણ અતિશયોક્તિ વગરનું નજીકના લોકો વચ્ચેનું આયોજન રહેશે, જેના અંતે એક ભવ્ય બોલીવૂડ-સ્ટાઈલ સેલિબ્રેશન થશે. આ ઉજવણીમાં તેમનાં પરિવારજનો, નજીકના મિત્રો તેમજ ક્રિકેટ અને ફિલ્મ જગતના સહકર્મીઓ હાજરી આપશે.

તેમનાં નજીકનાં એક સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, ‘‘કૃતિકા અને ગૌરવ ઈચ્છતા હતા કે તેમનો લગ્ન સમારંભ ભવ્યતાથી વધુ સચ્ચાઈ અને વ્યક્તિગત સ્પર્શ ધરાવતો હોય. તેઓ પરંપરાનું માન રાખે છે, પરંતુ સાથે જ ઈચ્છતાં હતાં કે ઉજવણી તેમની ઓળખ દર્શાવે એવી હોવી જોઈએ – ઉષ્માભરી, મૂલ્યો ધરાવતી, સૌમ્ય અને સાચા અર્થમાં નજીકના લોકો વચ્ચે યોજાયેલી.’’

**સાંજના કાર્યક્રમમાં વૈભવી પણ અતિશયોક્તિ વગરનું નજીકના લોકો વચ્ચેનું આયોજન રહેશે, જેના અંતે એક ભવ્ય બોલીવૂડ-સ્ટાઈલ સેલિબ્રેશન થશે. આ ઉજવણીમાં તેમનાં પરિવારજનો, નજીકના મિત્રો તેમજ ક્રિકેટ અને ફિલ્મ જગતના સહકર્મીઓ હાજરી આપશે.**



# આલિયાએ કેટરિનાના દિકરા માટે ખાસ ગિફ્ટ મોકલી

આલિયા તરફથી વિહાનને એક ક્યુટ ગિફ્ટ હેમ્પર મળ્યું, કેટરિના વિકીએ દિકરા વિહાનને મળેલી ગિફ્ટનો ફોટો સોશિયલ મીડિયા પર શેર કર્યો

બોલિવૂડનું સ્ટાર કપલ કેટરિના કૈફ અને વિકી કૌશલ એક સ્ટાર કપલ છે. ગયા વર્ષે નવેમ્બરમાં તઓ માતા-પિતા બન્યાં છે અને તેમને દિકરાનો જન્મ થયો છે, જેનું નામ તેમણે વિહાન પાડ્યું છે. કેટરિના હાલ તેના દિકરા સાથે દિવસો માણી રહી છે, જ્યારે વિકી રણબીર કપૂર અને આલિયા ભટ્ટ સાથે ભણસાલીની ફિલ્મ ‘લવ એન્ડ વૉર’ના શૂટમાં વ્યસ્ત છે.

ત્યારે હવે આલિયાએ વિકી અને કેટરિનાના દિકરા વિહાન માટે એક ખાસ ગિફ્ટ મોકલી છે, આલિયા તરફથી વિહાનને એક ક્યુટ ગિફ્ટ હેમ્પર મળ્યું છે. ગુરુવારે કેટરિનાએ પોતાના સોશિયલ મીડિયા પર આ ગિફ્ટની એક ઝલક બતાવી હતી. આ હેમ્પર આલિયાની કિડ્ઝવેરની બ્રાન્ડ એડેમામા તરફથી હતું. જેમાં એક સુંદર બોક્સમાં ઉનથી ગૂંથેલું આછું બ્લ્યુ નાનું બ્લૅન્કેટ છે અને એક નાનું ઉનથી ગૂંથેલું રમકડું પણ છે. કેટરિનાએ આ તસવીર પોસ્ટ કરીને તેને ‘‘એડોરેબલ’’ કહીને લખ્યું હતું, ‘‘થેંક યુ એડેમામા ફોર ધીઝ એડોરેબલ કડલ્સ.’’

આલિયા અને કેટરિના લાંબા સમયથી દોસ્ત છે. તેઓ એક જ જીમમાં કસરત માટે પણ જતાં હતાં. આ પહેલાં આલિયાએ કિઆરાને પણ આ રીતે ગિફ્ટ મોકલી હતી. આલિયાએ કિઆરાની દિકરી માટે પણ પોતાની બ્રાન્ડનું ગિફ્ટ હેમ્પર મોકલીને તેને એક મેસેજ પણ હાથથી લખીને મોકલ્યો હતો. આ ગિફ્ટ સાથે કિઆરાએ પણ સોશિયલ મીડિયા પર આલિયાનો આભાર માન્યો હતો.

જ્યારે આલિયાની ફિલ્મની વાત કરવામાં આવે તો આલિયાની બે ફિલ્મ ટૂંક સમયમાં આવી રહી છે, યશરાજની સ્પાય યુનિવર્સની આલ્ફા અને ભણસાલીની લવ એન્ડ વૉર. આમ તે પણ કેટરિનાની જેમ ફિલ્મ સાથે બિઝનેસની સફળતાની પણ મજા માણી રહી છે.

# મારે ક્યારેય ‘બોલિવૂડ’ છોડવું નહોતું, હિન્દી ફિલ્મોની મર્યાદાથી બહાર ‘ધકેલાઈ’

## પ્રિયંકાએ બ્લફના પ્રમોશનમાં બોલિવૂડ છોડવા અંગે વાત કરી

પ્રિયંકા ચોપરા હવે ખુલીને કહી રહી છે કે તે ક્યારેય ભારતની ફિલ્મ ઈન્ડસ્ટ્રી છોડવા માગતી નહોતી, પરંતુ વધુ ‘ઉત્સાહજનક’ કામની શોધમાં તેને બહાર જવું પડ્યું. પ્રિયંકા ચોપરાએ બોલિવૂડથી હોલિવૂડ સુધીની સફર વિશે ઘણી વખત વાત કરી છે. હવે તેણે ખુલાસો કર્યો છે કે કેવી રીતે એ વખતે બોલિવૂડમાં મળતી મર્યાદીત તકોને કારણે તે સમયે જે ‘ઉત્સાહજનક’ લાગ્યું તે પસંદ કર્યું.


હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ઘણા વર્ષો સુધી કામ કર્યા પછી પ્રિયંકા ચોપરા વિદેશ ગઈ અને હોલિવૂડ ફિલ્મોમાં કામ કરવાનું શરૂ કર્યું. હવે તેની ફિલ્મ બ્લફ આવી રહી છે, ત્યારે તેનાં પ્રમોશન સંદર્ભે આપેલા એક ઈન્ટરવ્યુમાં તેણે જણાવ્યું કે તે

ઈચ્છતી હતી કે બોલીવૂડમાં તેને મળતી મર્યાદિત તકોમાંથી બહાર આવીને વધુ સર્જનાત્મક વિકલ્પો મેળવે.

તેણે કહ્યું, ‘‘મને લાગતું નથી કે હું ક્યારેય બોલિવૂડ છોડવા ઈચ્છતી હતી. હિન્દી ફિલ્મોમાં કામ કરતી વખતે ઘણા કારણોસર હું બંધાયેલી હોય એવું લાગતું હતું. મને કેટલીક બાબતોમાં ધકેલવામાં આવી રહી હતીપ એક કલાકાર તરીકે મને જે ઉત્સાહજનક લાગતી એવી તકો હું શોધી રહી હતી અને અંતે હું અમેરિકામાં કામ કરવા પહોંચી ગઈ.’’

પ્રિયંકા માટે પરિવર્તન સરળ નહોતું. હાલમાં પ્રિયંકા ભારત અને લોસ એન્જેલેસ વચ્ચે બેલેન્સ જાળવી રહી છે. એક તરફ તે એસ.એસ. રાજમૌલીના પ્રોજેક્ટનું શૂટિંગ કરી રહી છે અને બીજી તરફ પોતાની હોલિવૂડ ફિલ્મ ધ બ્લફનું પ્રમોશન કરી રહી છે.

તેણે ઉમેર્યું, ‘‘હું ફરીથી ભારતમાં ‘વારાણસી’માં કામ કરવા અંગે ખુબ ઉત્સાહિત છું. હું નથી ઈચ્છતી કે બંનેમાંથી કોઈ એક પસંદ કરવું પડે. હું બંને દુનિયામાં કામ કરું છું અને બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કરવાની મજા માણું છું. સંસ્કૃતિઓની જેમ જ બંનેમાં કામ કરવાનો માહોલ પણ ઘણી રીતે અલગ છે.’’પ્રિયંકાએ લગભગ એક દાયકા પહેલાં હોલિવૂડમાં જઈને ‘ક્વોન્ટિકો’ જેવી ફિલ્મ સાથે ત્યાં નવેસરથી કારકિર્દીની શરૂઆત કરી હતી. તે આજે પણ ભારત અને અમેરિકા બંને ઈન્ડસ્ટ્રીમાં કામ કરે છે. નિક જોનાસ સાથે લગ્ન કર્યા પછી એમની કરી માલતી મેરી પણ છે અને હાલમાં તે કેલિફોર્નિયામાં પરિવાર સાથે રહે છે.





# મને નિષ્ફળતાનો ડર નથી, સારી ફિલ્મ ન મળવાનો ડર છે : તાપસી પન્નુ

## અસ્સી ફિલ્મના પ્રમોશન માટે તાપસી પન્નુ પહોંચી નવગુજરાત સમયની મુલાકાતે

તાપસી પન્નુએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પંદર વર્ષની સફર ખેડી છે, ત્યારે નવગુજરાત સમયની ખાસ મુલાકાત દરમિયાન કહ્યું, તેને હવે નિષ્ફળતાનો ડર નથી — તેને ફક્ત એટલી ચિંતા છે કે ‘‘જે પ્રકારની ફિલ્મો અને વાર્તાઓ તે કહેવા માગે છે, તે બનાવવામાં આવશે કે નહીં. ખુલીને કરેલી વાતચીતમાં તાપસીએ એ પણ કબૂલ્યું કે, તેણે ફિલ્મો ક્યારેય એમ જ કરવા ખાતર કરી નથી. તાપસીએ કહ્યું, ‘‘મારી ફિલ્મો — સારી, ખરાબ કે ભલે બહુ જ ખરાબ હોય — મોટાભાગે એનો નિર્ણય મારો હતો.’’ પરંતુ ભવિષ્યમાં પોતાની પસંદગીમાં સમાધાન કરવું પડે, એ વિચારે તેને ચિંતા થાય છે.

તાપસી કહે છે કે, સમય સાથે એક વ્યક્તિ તરીકે પણ હું વધુ પરિપક્વ બની છું, પોતાની પ્રાથમિકતાઓ વધુ સ્પષ્ટ થઈ છે. ‘‘હું હવે વધુ સ્પષ્ટ છું — મારે શું જોઈએ છે, શું નથી જોઈતું અને હું કઈ દિશામાં કામ કરી રહી છું.’’

તાપસી સમય સાથે શીખી છે કે, પ્રાથમિકતાઓ આપોઆપ ગોઠવાઈ જશે, તાપસી જણાવે છે, ‘‘મને હવે પ્રાથમિકતા સમજાય છે, શું કરવાની તાત્કાલિક જરૂર છે, શેની રાહ જોઈ શકાય છે, એવું શું છે, જે જીવનમાં બિલકુલ નહી કરીએ તો ચાલશે.’’તાપસી જણાવે છે કે સફળતાએ તો તેને વધુ નીડર બનાવી છે. સાથે જ તેને એ બાબતે સજાગ પણ કરી છે કે બધું જ ક્ષણમાં જ પડી ભાંગી શકે છે. તેના કારણે હવે તેની નિર્ણયશક્તિ વધુ મજબુત બની છે. તાપસી કહે છે, ‘‘મને મારા અંતરાત્મા પર વિશ્વાસ કરવાની શક્તિ મળી ગઈ છે, જે સમય સાથે સાચી સાબિત થતી રહી છે. મેં જ્યારે પણ તેની પરિક્ષા લેવાની કોશિશ કરી છે, વિચારું કે હું કશુંક અલગ કરી લઉ..અને મારો અંતરાત્મા પોકારી ઉઠે કે મારે શું કરવું જોઈએ. તેથી મારે મારા રસ્તે પાછા આવી જવું પડે છે.’’

તાપસી કહે છે કે તેણે ઈરાદાપૂર્વક અલગ ફિલ્મ કરવાની શરૂઆત નહોતી કરી. પરંતુ તે કહે છે, ‘‘શરૂઆતમાં મારી પાસે કોઈ વિકલ્પ નહોતો, પરંતુ એક વખત કંઈ ચાલી જાય પછી આપણી ઈન્ડસ્ટ્રીમાં લોકો અલગ વિચારતા નથી. એટલે જ્યારે કંઈ જોખમી, કંઈક લોકોને સમજવું અઘરું પડે એવું કે મુશ્કેલ હોય, કે બીજા કોઈ એ રોલ નહી કરે ત્યારે તેઓ કહેશે, ‘‘આનો જ સંપર્ક કરો. આ સ્થિતિ વિશે તાપસી કહે છે, ‘‘શરૂઆતમાં તમે લોકોનાં આવાં વલણથી અકળાઈ જાઓ છો. પણ એક્ટર તરીકે તમારી પાસે જે વિકલ્પો આવે એમાંથી જ તમારે પસંદગી કરવાની છે. હવે મને ખરાબ નથી લાગતું. એવા ઘણા કલાકારો છે, જેમની કોઈ ચોક્કસ શૈલી નથી, કે કોઈ ખાસ વિષય માટે તેમને જ યાદ કરવામાં આવે એવું નથી. હું કોઈ બુફેની થાળી નથી, હું એક ચોક્કસ વાનગી પીરસતી રેસ્ટોરાં છું. હું મારું વલણ હવે આવું જ રાખવા માગું છું. એમાં કોઈ વાંધો નથી. મને બધાને ખુશ કરવાની કોઈ ઈચ્છા નથી.’’

પોતાને ‘આઉટસાઈડર’ ગણાવતી તાપસી કહે છે કે તે હજુ પણ હજુ એવો સમય નથી આવ્યો કે તેનાં નામનાં સિક્કા પડે. તાપસી કહે છે, ‘‘મને ખબર નથી, હું પણ હજુ એ સ્થિતિની શોધમાં જ છું. પરંતુ મેં એક કલાકાર તરીકે જે કામ કર્યું છે, તે હું મારા બાળકોને ભવિષ્યમાં ચોક્કસ બતાવી શકીશ. મને તેના પર હંમેશા ગર્વ રહેશે. બસ હું એવું જ કામ કરવાની કોશિશ કરી રહી છું.’’

# મેટ્રો કરતાં ‘માટી’ની લોકપ્રિયતા વધારે : ભારતીય ઓટીટી પર હાર્ટલેન્ડ કથાઓ વધુ સફળ થઈ

ભારતમાં ઓટીટી પ્લેટફોર્મ્સ પર વિવિધ પ્રકારનું ભારતીય અને વિદેશી કન્ટેન્ટ આવતું હોય છે, પરંતુ તેમાં નાના શહેરોની વાર્તાઓ જ સૌથી વધુ લોકપ્રિય થઈ છે. હાર્ટલૅન્ડ સાગા સૌથી વધુ ટ્રેન્ડમાં રહેતું જોનર બની ગયું છે. પંજાબના ધુમ્મસભર્યા ખેતરો હોય કે બિહારની ધૂળભરી ગલીઓ, માટીની સુગંધ ધરાવતી કથાઓ સ્ટ્રીમિંગ ચાર્ટ્સ પર ટોચ પર રહી છે. તાજેતરમાં નેટફ્લિક્સની પંજાબી ક્રાઈમ ડ્રામા કોહરા (સીઝન ૨) તેનું ઉત્તમ ઉદાહરણ છે – નાનાં શહેરોનાં રહસ્યો અને ઉંડી તપાસને જોડતી આ સિરીઝ મોટા ટ્રેન્ડનો ભાગ છે.

લાંબા સમય સુધી ઓટીટી પર મેટ્રો શહેરોની ગ્લેમરસ કથાઓ છવાયેલી હતી – સ્ટાર્ટઅપ કલ્ચર, ગ્લૉસી એપાર્ટમેન્ટ્સ અને શહેરી રોમાન્સ. પરંતુ સર્જકોને સમજાયું છે કે ખરેખરનો ડ્રામા, કાચી લાગણીઓ અને જટિલ પાત્રો તો શહેરોની બહાર, ગામડાં અને નાનાં શહેરોમાં વસે છે.

બદલાવ કેમ આવ્યો? જવાબ સરળ છે – ‘મૂળ’. શહેરોમાં વસતા મોટા ભાગના લોકો મૂળ નાનાં શહેરો કે ગામડાંમાંથી આવે છે. જ્યારે તેઓ સ્ક્રીન પર પોતાની માટીની વાર્તા જુએ છે, ત્યારે તરત જોડાણ અનુભવે છે. આ ફેરફાર પછી આપણને મળી મિર્ઝાપુર – જ્યાં ઉત્તર પ્રદેશના નાનાં શહેરમાં સત્તા, રાજકારણ અને ગુનાખોરીની ટક્કર અને સંઘર્ષકથા છે. તે ફક્ત ગન અને ગેંગવૉર વિશે નહોતી; તે મહત્ત્વાકાંક્ષા, વારસો અને જાતિ સમીકરણોની વાત કરતી હતી.

આ સિરીઝના એક્ટર પંકજ ત્રિપાઠી, જે પોતે બિહારના ગોપાલગંજમાંથી આવે છે, તેઓ એક ઈન્ટરવ્યુમાં કહે છે: ‘‘૯૫ ટકા લોકો ગામડાં કે નાનાં શહેરોમાંથી આવે છે. આ તો આપણી પોતાની વાર્તાઓ છે – હિંદુસ્તાનની વાર્તાઓ.’’

પછી આવી પાતાલ લોક, જેણે ક્રાઈમ અને મીડિયાના રાજકારણ અને ગ્રામ્ય-અર્ધશહેરી ભારતની સામાજિક જટિલતાઓ દર્શાવી. આશ્રમે અંધશ્રદ્ધા, રાજકારણ અને સત્તાનાં કૌભાંડોને ઉજાગર કર્યા, જ્યારે મહારાનીએ બિહારના રાજકારણથી પ્રેરિત કથામાં એક ગૃહિણીએ સત્તાની દુનિયામાં પ્રવેશ કર્યો તે બતાવ્યું. ખાકી: ધ બિહારમાં ચૅપ્ટરે પોલીસ અને ગુનેગારની ક્લાસિક લડતને બિહારની સામાજિક-રાજકીય હકીકત સાથે રજૂ કરાઈ હતી અને જામતારા: સબકા નંબર આયેગાએ ઝારખંડના નાનાં શહેરને ફિશિંગ સ્કેમ્સના કેન્દ્ર તરીકે બતાવી યુવાનોની મહત્ત્વાકાંક્ષા અને નૈતિક દ્વંદ્વ રજૂ કર્યું.

એવું નથી કે હાર્ટલેન્ડની કથાઓ માત્ર ક્રાઈમ સ્ટોરી જ છે. પંચાયત – ફુલેરા નામના કલ્પિત યુપીનાં ગામની સાદગીમાં સુંદરતાની વાત કરે છે. અહીં મોટી ગોળીબારી કે ગુનાખોરી નથી; રોજિંદી સમસ્યાઓ, નટખટ ગામલોકો અને એક શહેરથી આવેલો સચિવ છે. લેખક ચંદન કુમાર કહે છે કે ગામડાનું કેન્વાસ જ વાર્તાનો સ્વર બદલી નાખે છે.

તે જ રીતે ગુલ્લક મધ્યવર્ગીય નાનાં શહેરના પરિવારમાંની હળવી-હૃદયસ્પર્શી ક્ષણોને જીવંત કરે છે. ત્રણ વખત રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા સ્વાનંદ કિર્કિરે, જેમની તાજેતરની સિરીઝ બેન્ડવાલા પણ હાર્ટલૅન્ડ કથાઓને સ્પર્શે છે.

મિર્ઝાપુરથી લઈને પંચાયત સુધી, અલગ અલગ પ્રકારની આ સિરીઝ ભારતના નોન-મેટ્રો આત્માના ઊંડાણને સ્પર્શે છે – ક્યાંક કર્કશ ગુનાખોરી, ક્યાંક માટીની સુગંધવાળું હાસ્ય અને ક્યાંક ગૂંચવાયેલા

કુટુંબ સંબંધો. આ સિરીઝ આપણને યાદ અપાવે છે કે હાર્ટલૅન્ડ ફક્ત અંધકાર નથી; તેમાં હુંફ, સંઘર્ષશક્તિ અને સમૂહજીવનની મીઠાશ પણ છે. હાર્ટલેન્ડની સ્ટોરીઝ ચાલવાના કેટલાક કારણો છે, સૌપ્રથમ, પ્રામાણિકતા. બોલી પોલિશ્ડ નથી, પાત્રો ફિલ્ટર વગરના છે અને નૈતિક મર્યાદાઓ ધૂંધળી છે – બિલકુલ વાસ્તવિક જીવન જેવી. બીજું, ભારતના મોટા વર્ગ માટે આ વાર્તાઓ પોતાની જ વાત જેવી લાગે છે. ત્રીજું, અજાણી કથાઓનો ખજાનો.

નાનાં શહેરો અને ગામડાં અસંખ્ય વાર્તાઓ ધરાવે છે. સૌથી મહત્વનું – બધાં પ્રદેશો અને ગામ સરખાં નથી. તેમાં કઠોર પિતૃત્વ પણ છે અને શાંત બળવો પણ; ભ્રષ્ટાચાર પણ છે અને દયા પણ; સંઘર્ષ પણ છે અને હાસ્ય પણ. ‘કોહરા’ જેવી સિરીઝ સાથે સ્પષ્ટ છે કે ભારતીય હાર્ટલૅન્ડ હવે ફક્ત પૃષ્ઠભૂમિ નથી – તે સ્ટોરીટેલિંગનું શક્તિકેન્દ્ર બની ગયું છે અને હજી તો આ સફર શરૂ જ થઈ છે.




**લાંબા સમય સુધી ઓટીટી પર મેટ્રો શહેરોની ગ્લેમરસ કથાઓ છવાયેલી હતી – સ્ટાર્ટઅપ કલ્ચર, ગ્લોસી એપાર્ટમેન્ટ્સ અને શહેરી રોમાન્સ. પરંતુ સર્જકોને સમજાયું છે કે ખરેખરનો ડ્રામા, કાચી લાગણીઓ અને જટિલ પાત્રો તો શહેરોની બહાર, ગામડાં અને નાનાં શહેરોમાં વસે છે.**

# ૨૦૧૯ પછીની ભારતની સૌથી મોટી હાર

## સુપર ૮ના પ્રથમ જંગમાં જ હારથી ભારત પર દબાણ વધશે; સ્પિન તથા સ્લો ફાસ્ટ સામે બેટરો ટપોટપ આઉટ થઇ ગયા



ગ્રુપ રાઉન્ડમાં એસોસિએટ રાષ્ટ્રો સામે ભાગ્યે જ જીત જીતનાર, વર્લ્ડ ચેમ્પિયન ભારતીય રવિવારે ૨૦ વર્લ્ડ કપના સુપર આઠ મેચમાં દક્ષિણ આફ્રિકા સામે ભારે હારનો સામનો કરવો પડ્યો. શિવમ સિવાય, તેમનો કોઈ પણ બેટ્સમેન દક્ષિણ આફ્રિકાની ટીમ સામે ટકી શક્યો નહી. પરિણામે, ૧૮૮ રનના લક્ષ્યનો પીછો કરતી વખતે ટીમ ૧૮.૫ ઓવરમાં ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગયું.

દક્ષિણ આફ્રિકાએ ૭૬ રનની જંગી જીત સાથે, ભારતનો વર્લ્ડ કપમાં ૧૨ રનનો વિજય સિલસિલો સમાપ્ત કર્યો. તેણે ગયા વર્લ્ડ કપ ફાઈનલમાં મળેલી હારનું દુઃખ પણ થોડું ઓછું કર્યું.

રનની દ્રષ્ટિએ આ ભારતનો બીજો સૌથી મોટો ૨૦ પરાજય છે. ૨૦૧૯માં ન્યુઝીલેન્ડે તેમને ૮૦ રનથી હરાવ્યું હતું. ૨૦૨૩ના વર્લ્ડ કપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હાર્યા બાદૈં ઝઝ ટુર્નામેન્ટમાં ૧૮ મેચોમાં ભારતનો આ પહેલો પરાજય છે.

ભારત તરફથી દુબેએ સૌથી વધુ ૪૨ રન બનાવ્યા. તેમના સિવાય હાર્દિક અને સૂર્યકુમારે ૧૮-૧૮ રનનું યોગદાન આપ્યું. દક્ષિણ આફ્રિકા તરફથી માકો જાનસેનએ ચાર વિકેટ લીધી જ્યારે કેશવ મહારાજે એક જ ઓવરમાં ત્રણ વિકેટ લીધી. લક્ષ્યનો પીછો કરતી વખતે ભારતની શરૂઆત ખરાબ રહી.

ટીમે સારા ફોર્મમાં રહેલા ઈશાન અને તિલકની વિકેટ માત્ર પાંચ રનમાં ગુમાવી દીધી. માર્કરામે પોતે સ્પિન બોલિંગ શરૂ કરી. ઈનિંગના ચોથા બોલ પર, ઈશાન મિડ-ઓફ પર રિકેલ્ટન દ્વારા કેચ આઉટ થયો. વેન્સનની આગામી ઓવરમાં, તિલક પણ ડી કોક દ્વારા કેચ આઉટ થયો.

અભિષેક ફરી નિષ્ફળ ગયો: અભિષેકે વર્લ્ડ કપમાં ચોથી ઈનિંગમાં માર્કરામના બોલ પર ફોર ફટકારીને પોતાનું ખાતું ખોલાવ્યું.સૂર્યકુમારે યાનસેનના બોલ પર બે ચોગ્ગા મારીને શરૂઆત કરી. ત્યારબાદ અભિષેકે યાનસેનનો બોલ હવા ફેંક્યો અને વોએ રનિંગ ઇન કરતી વખતે શાનદાર કેચ પકડ્યો. પાવર પ્લેમાં ભારતનો સ્કોર ત્રણ વિકેટે ૩૧ રન હતો.

ઉપરના ક્રમે પહોંચેલા સુંદર (૧૧) એ કેશવ મહારાજની બોલ પર છગ્ગો ફટકાર્યો અને પછી બોશના બોલ પર ડી કોકના હાથે કેચ આઉટ થયો.બોશએ આગામી ઓવરમાં સૂર્યકુમાર યાદવે પણ મિડ-વિકેટ પર બ્રેવિસને કેચ આપ્યો.

મહારાજે એક ઓવરમાં ત્રણ વિકેટ લીધી. હાર્દિક અને શિવમે ઈનિંગ્સને સ્થિર કરી પણ મોટા શોટ રમવામાં નિષ્ફળ ગયા. દબાણમાં આવી ગયેલા હાર્દિકે મહારાજની બોલિંગ પર મોટો શોટ રમવાનો પ્રયાસ પણ કર્યો અને બાઉન્ડ્રી પર સ્ટબ્સના હાથે કેચ આઉટ થયો.લોંગ ઓફ પર તે જ ફિલ્ડરે તેનો કેચ પકડ્યો હતો.

એક બોલ પછી, રિંક પણ લોંગ ઓફ પર તે જ ફિલ્ડરે કેચ પકડ્યો હતો. અર્શદીપે પણ લોંગ ઓફ પર તે જ ફિલ્ડરે કેચ પકડ્યો હતો. ભારતને છેલ્લી પાંચ ઓવરમાં ૧૦૦ રનની જરૂર હતી. ૧૯મી ઓવરમાં યાનસેનની બોલ પર દુબેને એનગીડીએ કેચ આપ્યો હતો. બીજા બોલ પર બુમરાહ પણ પેવેલિયન પાછો ફર્યો.પહેલા બુમરાહ અને અર્શદીપે ૨૪ બોલમાં દક્ષિણ આફ્રિકાના ટોચના ત્રણ બેટ્સમેનોને આઉટ કર્યા. ત્યારે સ્કોરબોર્ડ ૨૦ હતું. પ્લેયર્સ ઓફ ધ મેચ મિલર, બ્રેવિસ અને સ્ટબ્સે મેચનું પાસું ફેરવી દીધું. તેમની ઈનિંગ્સે દક્ષિણ આફ્રિકાને સાત વિકેટે ૧૮૭ રન સુધી પહોંચાડવામાં મદદ કરી.મિલરે ૩૫ બોલમાં ૬૩ રન નીચે પારી સાથે બ્રેવિસ (૪૫) સાથે ચોથી વિકેટ માટે ૫૧ બોલમાં ૯૭ રન ઉમેર્યા અને ટીમના દાવને મજબૂત બનાવ્યો. અંતે, સ્ટીવ્સે ૨૪ બોલમાં અણનમ ૪૪ રન બનાવ્યા. હાર્દિકની દાવની છેલ્લી ઓવરમાં દક્ષિણ આફ્રિકાએ ૨૦ રન બનાવ્યા. ત્રણેયે મળીને ૧૧ ચોગ્ગા અને નવ છગ્ગા ફટકાર્યા.શાનદાર ફોર્મમાં ચાલી રહેલા ઈશાન કિશન ચોથા બોલ પર ખાતું ખોલાવ્યા વિના પેવેલિયન પરત ફર્યા અને ત્રણેય ટોચના બેટ્સમેન માત્ર ૨૬ રન બનાવીને આઉટ થઈ ગયા.

# આજે વિન્ડિઝ - ઝિમ્બાબ્વેનો મુકાબલો





સોમવારે અહીં રમાનારી T20 વર્લ્ડ કપની સુપર-૮ મેચમાં ખૂબ જ આત્મવિશ્વાસ ધરાવતી વેસ્ટ ઈન્ડિઝ ટીમે દ્રઢ નિશ્ચયી ઝિમ્બાબ્વે સામે સંપૂર્ણપણે સતર્ક રહેવું પડશે. બંને ટીમો અત્યાર સુધી ટુર્નામેન્ટમાં અજેય છે અને તેમનો વિજય ક્રમ ચાલુ રાખવાનો પ્રયાસ કરશે. પ્રથમ રાઉન્ડમાં પોતપોતાના જૂથોમાં ટોચ પર હોવા છતાં, સુપર-૮માં પડકાર ઘણો વધારે હશે.

બે વખતની ચેમ્પિયન વેસ્ટ ઈન્ડીઝનો આત્મવિશ્વાસ આ ફોર્મેટમાં તેમની પરંપરાગત આક્રમક શૈલીથી ઉદભવે છે. ભૂતપૂર્વ કેપ્ટન ડેરેન સેમીની કોચિંગથી ટીમે ગ્રુપ પ્રદર્શન કર્યું છે. કેપ્ટન શાઈ હોપ અને શિમરોન હેટમાયરએ બેટિંગમાં સ્થિરતા પ્રદાન કરી છે, જ્યારે શેરફેન રૂથરફોર્ડની વિસ્ફોટક ઈનિંગ્સ અને રોમારિયો શેફર્ડના ઓલરાઉન્ડ પ્રદર્શને ટીમને સંતુલન પ્રદાન કર્યું છે.

બીજી બાજુ, 'અંડરડોગ' ટેગ સાથે ખુશ ઝિમ્બાબ્વેએ તેની લડાયક ભાવનાથી બધાનું ધ્યાન ખેંચ્યું છે. ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકા જેવી મજબૂત ટીમોને હરાવીને, તેણે સાબિત કર્યું છે કે સુપર આઠમાં તેની હાજરી કોઈ સંયોગ નથી. યુવા બેટ્સમેન બ્રાયન બેનેટની સાતત્યતાએ ઝિમ્બાબ્વેને મજબૂત પાયો પૂરો પાડ્યો છે.

# સેમિફાઇનલમાં પહોંચવા માટે ભારતે આગામી બંને મેચ જીતવી પડશે

## ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે સામે અને ૧ માર્ચે ટીમ ઈન્ડિયા વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે



દક્ષિણ આફ્રિકા સામે જેનો ડર હતો તે આખરે થયું. રવિવારે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ૨૦ વર્લ્ડ કપ સુપર ૮ મેચમાં ભારતની નબળી બેટિંગને કારણે શરમજનક હાર થઈ.

દક્ષિણ આફ્રિકાએ ૧૮૮ રનનો લક્ષ્યાંક આપ્યો હતો, જેના જવાબમાં ભારતીય બેટ્સમેનો સંપૂર્ણ ઓવર પણ રમી શક્યા નહીં અને ૧૮.૫ ઓવરમાં ૧૧૧ રનમાં ઓલઆઉટ થઈ ગયા.

દક્ષિણ આફ્રિકા ટેબલમાં સૌથી આગળ છે, ત્યારબાદ ગ્રુપ ૨ ની ટીમ ઈંગ્લેન્ડ છે. ન્યુઝીલેન્ડ હાલમાં ત્રીજા ક્રમે છે અને પાકિસ્તાન ચોથા ક્રમે છે. સુપર ૮ રાઉન્ડમાં, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડના બે-બે પોઈન્ટ છે, જ્યારે ન્યુઝીલેન્ડ અને પાકિસ્તાનના એક-એક પોઈન્ટ છે.

જોકે, ભારતે નિરાશ થવાની જરૂર નથી. જો ટીમ ઈન્ડિયા અહીંથી તેની બંને મેચ જીતી લેશે, તો તે છેલ્લા ચારમાં પહોંચશે. પરંતુ આ ત્યારે જ થશે જ્યારે બીજી કોઈ ટીમના ચાર પોઈન્ટ સમાન ન હોય. અને જો આવું થાય, તો ભારતે પોતાનો નેટ રન-રેટ સુધારવો પડશે.

સુપર ૮ રાઉન્ડમાં ભારતની બે મેચ બાકી છે. ત્રણ દિવસ પછી, તેઓ ચેન્નાઈમાં ઝિમ્બાબ્વે સામે રમશે, જેણે ડિફેન્ડિંગ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયા અને શ્રીલંકાને હરાવ્યું હતું. ત્યારબાદ, ૧ માર્ચે, ટીમ ઈન્ડિયા વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. આ મેચોમાં ભારત કેવું પ્રદર્શન કરે છે તે જોવાનું બાકી છે.

# અમે બેટથી પાવરપ્લેનો ફાયદો ઉઠાવી શક્યા નહીં : કેપ્ટન સૂર્યકુમારે હારનું કારણ જણાવ્યું



T20 વર્લ્ડ કપ ૨૦૨૬ ના સુપર ૮ મેચમાં દક્ષિણ આફ્રિકા સામેની હાર બાદ, કેપ્ટન સૂર્યકુમાર યાદવે સ્પષ્ટપણે કહ્યું હતું કે ટીમ પાવરપ્લેમાં જ મેચ હારી ગઈ. માર્કો જાનસેન અને કેશવ મહારાજની ઘાતક બોલિંગના આધારે દક્ષિણ આફ્રિકાએ ભારતને ૭૬ રનથી હરાવ્યું.રવિવારે રમાયેલી મેચમાં, દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધા બાદ ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૮૭ રન બનાવ્યા. જવાબમાં, ભારતીય ટીમ ૧૮.૫ ઓવરમાં ફક્ત ૧૧૧ રન જ બનાવી શકી. તેમના માટે, ફક્ત શિવમ દુબેએ સૌથી વધુ ૪૨ રનની ઈનિંગ રમી.મેચ પછી, ભારતીય કેપ્ટને કારમી હાર વિશે વાત કરી. તેમણે કહ્યું, "મને લાગે છે કે અમે પાવરપ્લેમાં મેચ હારી ગયા. ૧૮૦-૧૮૫ ના લક્ષ્યનો પીછો કરતા, તમે પાવરપ્લેમાં મેચ જીતી શકતા નથી, પરંતુ તમે ચોક્કસપણે તેને ગુમાવી શકો છો.અમે પ્રથમ છ ઓવરમાં ઘણી બધી વિકેટ ગુમાવી દીધી અને ત્યારબાદ જરૂરી નાની ભાગીદારી બનાવી શક્યા નહીં. બોલરોએ અમને શાનદાર શરૂઆત આપી, પરંતુ અમે બેટથી પાવરપ્લેનો ફાયદો ઉઠાવી શક્યા નહીં. તે મેચનો ટર્નિંગ પોઈન્ટ હતો."



# ગુગલના સીઈઓ સુંદર પિચાઈ, ગાવસ્કર સાથે ટ્રોફી લઈને મેદાન પર પહોંચ્યા : ટી-૨૦વર્લ્ડ કપ મેચનો આનંદ માણ્યો

ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચેની સુપર ૮ મેચમાં અનેક સેલિબ્રિટીઓએ હાજરી આપી હતી. ગુગલના સીઈઓ સુંદર પિચાઈ પણ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં હાજર હતા. તેઓ સુનીલ ગાવસ્કર સાથે વર્લ્ડ કપ ટ્રોફી મેદાનમાં લાવ્યા હતા.૨૦ વર્લ્ડ કપ શ્રેણી સુપર-૮ તબક્કામાં પ્રવેશી ગયું છે. આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતનો મુકાબલો દક્ષિણ આફ્રિકા સામે થયો હતો. આ મેચમાં મોટી સંખ્યામાં સેલિબ્રિટીઓ હાજર રહ્યા હતા.ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ પણ મેચનો આનંદ માણવા પહોંચ્યા હતા. તેઓ ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કર સાથે વર્લ્ડ કપ ટ્રોફી મેદાન પર લાવ્યા હતા. આ દરમિયાન પિચાઈએ ICC પ્રમુખ જય શાહને પણ મળ્યા હતા.




આગામી ૧૪ મી નેશનલ પેરા સીટીંગ વોલીબોલ ૨૦૨૬ નો આયોજન તારીખ ૨૪ મી ફેબ્રુઆરી ૨૦૨૬ થી મેરૂથ યુપી ખાતે થનાર છે તેમાં તારીખ ૨૧.૦૨.૨૦૨૬ નડિયાદ ખાતે ગુજરાત ટીમ માટે ખેલાડીઓની પસંદગી કરવામાં આવી છે જેમાં સુરત જિલ્લામાંથી ચાર ભાઈઓ શ્રી હરેશભાઈ ખોયાણી શ્રી દિલીપભાઈ મકવાણા શ્રી શાંતિલાલ બાભારોલિયા અને તેમજ શ્રી રાણાભાઇ કાતરીયા ની સર્વાનું મતે ગુજરાત ટીમના કેપ્ટન તરીકે પસંદગી કરવામાં આવી છે અને ત્રણ બહેનોની પસંદગી થઈ છે શ્રીમતી હેતલબેન માંગુકિયા શ્રીમતી કોમલબેન ટાક તેમજ શ્રીમતી ગુલાબબેન શાહ ની સર્વાનું મતે કેપ્ટન ગુજરાત ટીમ તરીકેની પસંદગી થઈ છે ધી સોસાયટી ફોર ફિઝિકલી હેન્ડીકેપ્ડ સુરત પેરા સ્પોર્ટ્સ એસોસિએશન સુરત ના શ્રી આનંદભાઈ શાહ સર્વેને શુભેચ્છા પાઠવી છે

# સોલ્ટ અને જેક્સ સામે શ્રીલંકાની ટીમ પરાસ્ત



ફિલ સોલ્ટ્ એ અડધી સદી બાદ, વિલ જેક્સની આગેવાની હેઠળના ઈંગ્લેન્ડના સ્પિનરોએ યજમાન શ્રીલંકાને ૨૦ વર્લ્ડ કપના તેમના ત્રીજા સૌથી ઓછા સ્કોર માટે ઓલઆઉટ કરી દીધું. રવિવારે ધીમી પીચ પર સુપર આઠની ઓછી સ્કોરવાળી મેચમાં ઈંગ્લેન્ડે ૨૧ બોલ બાકી રાખીને ૫૧ રનથી તેમને હરાવ્યું.

આ જીત સાથે, ઈંગ્લેન્ડે સુપર આઠના ગ્રુપ-૨માં પણ લીડ મેળવી લીધી. સોલ્ટે ૪૦ બોલમાં ૬૨ રન બનાવ્યા. ડાબા હાથના સ્પિનર ડુનિથ વેલેજના સ્પિનને કારણે શ્રીલંકાએ ઈંગ્લેન્ડને નવ વિકેટે ૧૪૬ રન પર રોકી દીધું. જેક્સે ૧૪ બોલમાં ૨૧ રનનું યોગદાન આપ્યું. તે સમયે, એવું લાગતું હતું કે મેચ યજમાન ટીમના હાથમાં છે. પરંતુ ફાસ્ટ બોલર આર્ચર અને ઓફ સ્પિનર જેક્સે મેચનું પાસું પલટી નાખ્યું.

આ જોડીએ પ્રથમ છ ઓવરમાં ભારે તોફાન મચાવ્યું, જેના કારણે શ્રીલંકાના પાંચ વિકેટે ૩૪ રન થયા. શ્રીલંકાની ટીમ ૧૬.૪ ઓવરમાં ૯૫ રનમાં ઓલઆઉટ થઈ ગઈ અને ટીમ રિકવર થઈ શકી નહીં.આ ત્રીજી વખત હતું જ્યારે શ્રીલંકાએ વર્લ્ડ કપમાં ૧૦૦ થી પહેલા આઉટ થઈ ગઈ. કેપ્ટન દાસુન શનાકા (૩૦) ૨૦ રન બનાવનારી એકમાત્ર ખેલાડી હતી. ઈંગ્લેન્ડ તરફથી, જેક્સે ત્રણ વિકેટ લીધી, જ્યારે લિયામ ડોસન, આદિલ રશીદ અને આર્ચરે બે-બે વિકેટ લીધી.

# હાર્દિક પંડ્યાએ પૂર્વ પત્ની અને દીકરા અગસ્ત્યને ૪ કરોડની SUV કાર ભેટ આપી

ભારતીય ક્રિકેટ ટીમનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટેનકોવિકના છૂટાછેડા થઈ ગયા છે, તેઓનો દીકરો અગસ્ત્ય નતાશા સાથે રહે છે. અલગ રહેવા છતાં હાર્દિક દીકરા અગસ્ત્યનું ધ્યાન રાખે છે. હાર્દિકે દીકરા અગસ્ત્ય અને નતાશાને કરોડોની કિંમતની જીંફ ભેટમાં આપી છે.

અગસ્ત્યની ઉંમર હજુ રમકડાંથી રમવા છે, ત્યારે હાર્દિકે તેને લેન્ડ રોવર ડિફેન્ડર SUV ભેટ આપી છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલી તસ્વીરોમાં નતાશા સ્ટેનકોવિક અગસ્ત્યની સાથે કાળા રંગની SUV કાર સાથે ઉભેલી જોવા મળે છે. કારની બંને તરફ નોટ્સ લેખેલી જોવા મળે છે, એક તરફ મિસ. નતાશા લખ્યું છે, જ્યારે બીજી નોટમાં "પપ્પા ટુ અગસ્ત્ય" લખેલું જોવા મળે છે.

આ હાઈ-એન્ડ લેન્ડ રોવર ડિફેન્ડરના વેરિઅન્ટ અને કસ્ટમાઈઝેશનને જોતાં તેની કિંમત રૂા.૪ કરોડ હોઈ શકે છે. જુલાઈ ૨૦૨૪ માં સત્તાવાર રીતે છૂટાછેડા લીધા બાદ હાર્દિક પંડ્યા અને નતાશા સ્ટેનકોવિક ઘણી વખત અગસ્ત્ય સાથે જોવા મળ્યા છે, બંને સાથે મળીને તેનું ધ્યાન રાખી રહ્યા છે.

નોંધનીય છે કે, હાર્દિક પંડ્યા હાલ મોડેલ માહિકા શર્મા સાથે તેનાં સંબંધોને કારણે ચર્ચામાં છે, માહિકાના ૨૫મા જન્મદિવસ પર એક ખાસ વીડિયો શેર કરીને હાર્દિકે સંબંધોને જાહેર કર્યા હતાં.

હાર્દિક પંડ્યા હાલમાં T20 વર્લ્ડ કપ ૨૦૨૬ માં રમી રહ્યો છે, ભારતીય ટીમ માટે તે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યો છે, તેણે નામિબિયા સામે ૫૨ રનની ઈનિંગ રમી હતી, અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં ૫ વિકેટ લઈ ચુક્યો છે. આજે, હાર્દિક સુપર ૮ રાઉન્ડમાં દક્ષિણ આફ્રિકા સામે રમતો જોવા મળશે.





સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૨૩ ફેબ્રુઆરી ૨૦૨૬ | E-mail : pratap_darpan@yahoo.co.in | મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# વસંત ગજેરા સહિતના ૯ આરોપીઓ વિરૂદ્ધ ઈકો સેલ પોલીસ દ્વારા તપાસ

## ગઈકાલે ક્રાઈમ બ્રાંચમાં ગુનો દાખલ થતા પોલીસ તપાસના ધમધમાટ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

હાઈકોર્ટના આદેશને પગલે સુરતનું મોટું માથુ ગણાતા વસંત ગજેરા સહિતના ૯ લોકો વિરૂદ્ધ ગઈકાલે રવિવારે સુરત ક્રાઈમ બ્રાંચ પોલીસમાં બિલ્ડર પ્રવીણ અગ્રવાલની ફરિયાદને આધારે ગુનો દાખલ થતા ગજેરાબંધુઓ સહિતના તમામ આરોપીઓ ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાનું જાણવા મળે છે. આ દરમિયાન ક્રાઈમ બ્રાંચ પોલીસે ભાગીદારીના ધંધામાં કરોડો રૂપિયાની છેતરપિંડી અંગેની વધુ તપાસ સુરત આર્થિક અપરાધ નિવારણ શાખા (ઈકો સેલ)ને સુપ્રત કરી હોવાનું પણ જાણવા મળે છે.

શાંતિ રેસિડેન્સી પ્રા.લિ. નામની કંપનીમાં પ્રવીણ દેવકીનંદન અગ્રવાલ (રહે. પીપલોદમાં સિઝન એપાર્ટમેન્ટ) ઉપરાંત લક્ષ્મી ગ્રૂપના કતારગામ વૃશાલનગરમાં રહેતા વસંત હરિભાઈ ગજેરા, બકુલ હરિભાઈ ગજેરા અને રાકેશ ગીરધરલાલ ગજેરા, અઠવાલાઈન્સના આદર્શનગરમાં રહેતા ચુની હરિભાઈ ગજેરા તેમજ મુંબઈના વાલકેશ્વર બી.જી.ખેર માર્ગ ઉપર કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટમાં રહેતા અશોક હરિભાઈ ગજેરા પણ ભાગીદાર છે. તેઓની પ્રા.લિ. કંપનીમાં પ્રવીણભાઈ અને તેમના પરિવારનો ૪૩ ટકા હિસ્સો હતો અને તેઓ મિલકતના માલિક હતા. પ્રવીણભાઈનો આ હિસ્સો પચાવી પાડવા માટે વસંત ગજેરાએ કૌભાંડ કર્યું હતું. વસંત ગજેરા એન્ડ ટોળકીએ પ્રવીણભાઈના હિસ્સાની મિલકતોને વેચીને તેમાંથી માત્ર સાત ટકા એટલે કે જંત્રી પ્રમાણેની રકમ દર્શાવીને બાકીની તમામ રકમ રોકડેથી મેળવી હતી. આ તમામ રકમ હોંગકોંગમાં રહેતા પોતાના ભત્રીજા રાકેશ ગજેરાને હવાલા મારફતે મોકલી આપી હતી.

કંપનીના રાજીનામાના લેટરપેડ ઉપર પ્રવીણભાઈ અને તેમના પરિવારની બોગસ સહીઓ કર્યા બાદ ડિજિટલી પણ બોગસ સહીઓ કરીને તેઓનો હિસ્સો ૪૩ ટકામાંથી માત્ર ૪ ટકા જ કરી દેવાયો હતો. જ્યારે તેમના ભાગનો હિસ્સો રાકેશ ગજેરાને આપીને તેને ડિરેક્ટરપદ આપી દેવાયું હતું. આ સમગ્ર બાબતે પ્રવીણ અગ્રવાલે કરેલી ફરિયાદ પોલીસ કમિશનરે ફગાવી દેતાં એડવોકેટ ડો. શૈલેષ પટેલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં સ્પેશિયલ પિટિશન દાખલ કરાઈ હતી.

ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એમ.આર. મેંગડેના આદેશને પગલે સુરત પોલીસે ગઈકાલે રવિવારે આ મામલે ક્રાઈમ બ્રાન્ચના આર્થિક ગુના નિવારણ શાખાએ ગુનો નોંધ્યો હતો.

### મેહુલ ચોકસીનો ભાગીદાર રાકેશ ગજેરા પણ આરોપી

ટેક્સ્ટાઈલ માર્કેટ બનાવતી શાંતિ રેસિડેન્સી ભાગીદારી પેઢીના ભાગીદારનો ૪૩ ટકા હિસ્સો પચાવી પાડવા માટે કૌભાંડ કરનારા વસંત ગજેરા તેમજ તેના પરિવારના અન્ય સભ્યો વિરુદ્ધ હાઈકોર્ટે કરેલા આદેશ બાદ ગઈકાલે રવિવારે ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધ્યો હતો. પોલીસે વસંત હરિ ગજેરા, ચૂની ગજેરા, અશોક ગજેરા, બકુલ ગજેરા, રાકેશ ગીરધરલાલ ગજેરા, હિતેશ રમેશ પરદેશી, એન કોડ સોલ્યુશનના સુરતના ડીલર ગૌતમ પ્રજાપતિ, કંપનીના તત્કાલીન સી.એ. તથા પી.એન.બી. બેન્ક કૌભાંડી મેહુલ ચોક્સીના ભાગીદાર રાકેશ ગજેરાને રિન્યુનસિએશન ફોર્મ પર અન્ય શેર હોલ્ડર્સને ઓફર કરેલા શેર આપવામાં વાંધો નથીનું કહેનાર શેર હોલ્ડરને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.



સુરતમાં ઉનાળાની શરૂઆતમાં જ તાપમાન ૩૬ ડિગ્રી આંબી ગયું છે. આ દરમિયાન પ્રાણી સંગ્રહાલયમાં બળબળતા ઉનાળાથી પશુ-પક્ષીઓને સુરક્ષીત રાખવા વિશેષ વ્યવસ્થા કરી છે. ઊંચા તાપમાન વચ્ચે પાણીના તળાવની સહેલગાહ માણતા બતકો તસ્વીરોમાં નજરે પડે છે.

# ડભોલીના વર્કશોપમાં વેલ્ડિંગના તણખાથી ફાટી નીકળેલી આગ

### એક મોટર કાર અને ભંગારનું ગોડાઉન આગની ઝપેટમાં

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

ડભોલીમાં કારના વર્કશોપ ખાતે વેલ્ડીંગ વખતે પડેલા તણખાના લીધે કચરો સળગવા લાગ્યો હતો. આ આગના લીધે પાર્ક કરેલી કાર અને સ્ક્રેપનો રૂમ પણ ઝપેટમાં આવી જતાં દોડધામ થઇ ગઇ હતી.

ફાયર બ્રિગેડ પાસેથી મળેલી વિગત મુજબ ડભોલીમાં શુભમ માર્ટ પાસે હોન્ડાઈ શો-રૂમના વર્કશોપ પાસે વેલ્ડીંગ કામ ચાલતુ હતુ. વેલ્ડીંગના તણખા નીચે કચરા ઉપર પડયા હતા. જેના લીધે કચરો ભડભડ સળગવા માંડતા હાજર લોકોમાં દોડધામ થઈ ગઈ હતી. જોતજોતામાં કચરાના લીધે આગ ફેલાતા ત્યાં પાર્ક કરેલી હોન્ડાઈ એલ્કાઝર કાર ઝપેટમાં આવી હતી. જેથી નજીક આવેલા ગાડીનો સ્કેપ રૂમ પણ આગની લપેટમાં આવતા વધુ પ્રમાણમાં ધુમાડો નીકળવા માંડયો હતો. કોલ મળતા બે ફાયર સ્ટેશનની ૩ ગાડી સાથે ફાયર લાશ્કારોનો કાફલો ઘટનાસ્થળે પહોચીને થોડા સમયમાં આગ પર કાબુ મેળવ્યો હતો. જોકે આગના લીધે કાર, ગાડીના સ્કેપનો વિવિધ માલસામાન સહિતની વસ્તુઓને નુકસાન થયુ હતુ. આ બનાવમાં કોઈ ઈજા જાનહાનિ થઈ નહી હોવાનું ફાયર ઓફિસરે કહ્યુ હતું.

# સુરત મ્યુનિ.ના ડે. કમિશનર સ્વાતિ દેસાઈએ રાજીનામુ પરત ખેંચી લીધું

## પરિવારજનોએ સમજાવતા સ્વાતિ દેસાઈએ ફરજ યથાવત રાખવા નિર્ણય કર્યો હોવાની ચર્ચા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત મહાપાલિકા સાથે છેલ્લા બે દાયકાથી સંકળાયેલા ડેપ્યુટી કમિશ્નર સ્વાતી દેસાઈએ દસ દિવસ અગાઉ નોકરીને સ્વેચ્છાએ રામ રામ કરી દેવા મ્યુ. કમિશ્નરને રાજીનામું લખી આપ્યું હતું. નોકરી છોડી જવા માટે મનોમન નિર્ણય લઈ કમિશ્નરને પત્ર આપી દેવા માટે તેઓ બજેટની સામાન્ય સભા સુધી પણ રોકાયા ન હતા. તેમને ભેદી સંજોગોમાં એકાએક રાજીનામું મુકતા અનેક અધિકારી-કર્મચારીઓ એ આંચકો અનુભવ્યો હતો. એટલું જ નહીં, તંત્ર સાથે સંકળાયેલા મોટાભાગના લોકો ચોંકી ઉઠ્યા હતા. આ દરમિયાન અનેક વાતો વહેતી થઈ હતી. એક ચર્ચા એવી હતી કે, વિપક્ષના કેટલાક સભ્યો દ્વારા થઈ રહેલી કનડગતથી તેઓ વાજ આવી ગયા હતા. તો, બીજી તરફ હજીરાની કંપનીને રી-સાઈકલ પાણી આપવાને મુદ્દે ઊભા થયેલા વિવાદમાં તેમના નામ ઉપર પણ કાદવ ઉછાળવાનો પ્રયતકરવામાં આવ્યો હોય રાજીનામું મુકવાનું. આકરું પગલું ભર્યું હોવાનું કહેવાઈ રહ્યું હતું. જયાર મહાપાલિકાના વર્તુળોમાં એક ચર્ચા એવી પણ ઊઠી હતી કે, પરિવારને પૂરતો સમય ફાળવી શકતા નહીં હોય સ્વૈચ્છાએ નોકરીને ગુડબાય કરી દેવા નિર્ણય લીધો હતો. મ્યુ. કમિશ્નર પણ તેમના રાજીનામાં ઉપર આખરી નિર્ણય લેવા સ્થાયી સમિતિની બેઠકમાં ગમે તે ઘડીએ દરખાસ્ત રજૂ કરશે એવી ચર્ચા જોરશોરથી વહેતી થઈ હતી.



આ તમામ બાબતો વચ્ચે સમગ્ર પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. ડેપ્યુટી કમિશ્નર સ્વાતી દેસાઈએ પોતાના રાજીનામાંને મુદ્દે યુ-ટર્ન લીધો છે. ગત સપ્તાહે જ રાજીનામું પરત ખેંચી લીધું છે. પરિવારના સભ્યો અને વડીલો ઉપરાંત પારિવારીક મિત્રોએ તેમને શહેર હિતમાં ફરજ ચાલુ

અનુસંધાન પાના ૭ પર

# ઓનલાઈન છેતરપિંડી કેસમાં મિહીર વાઘાણીને જામીન મળ્યા

### સેશન્સ કોર્ટે આરોપીના જામીન મંજૂર કર્યા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

જાણીતી ઈ-કોમર્સ સાઈટ સીઝર્ર ના નામે નકલી Mega Deal & Daily Offers એપ્લિકેશન બનાવી ગ્રાહકો સાથે ઓનલાઈન છેતરપિંડી કરવાના ગુનામાં ધરપકડ કરાયેલ આરોપી મિહીર વાઘાણીને સેશન્સ કોર્ટે જામીન પર મુક્ત કરવાનો હુકમ કર્યો હતો.

આ કેસની વિગત મુજબ, પકડાયેલા મિહીર ભાવેશ વાઘાણી સહિતના આરોપીઓએ ઓગસ્ટ થી ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન પ્લે સ્ટોર પર નકલી એપ્લિકેશન મૂકી ગૂગલ એડ્સ દ્વારા પ્રચાર કરી ગ્રાહકો પાસેથી એડવાન્સ પેમેન્ટ મેળવ્યું હતું. પરંતુ માલ મોકલ્યો ન હતો અને છેતરપિંડી કરી હતી, તેવો આરોપ હતો તેમની સામે. સામલે સાયબર ક્રાઈમ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. આ કેસમાં મિહિરે જામીન અરજી કરી હતી.

આરોપી તરફે એડવોકેટ પી.ટી. રાણા અને જીત એચ. પટેલવાલાએ દલીલ કરી હતી કે, તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ રજૂ થઈ ચૂકી છે. વધુમાં, તપાસ દરમિયાન કોઈ ભોગ બનનાર ગ્રાહકનું નિવેદન લેવાયું નથી કે તેમને સાહેદ તરીકે દર્શાવ્યા નથી, જેથી પ્રથમ દ્રષ્ટિએ કેસ સાબિત થતો નથી. કોર્ટે બંને પક્ષોની દલીલો ગ્રાહ્ય રાખી મિહીર વાઘાણીને જામીન મુક્ત કર્યો હતો.

# કાપોદ્રામાં બેહોશે મળી આવેલી સગીર છોકરાનું રહસ્યમ મોત

### કિશોરના એકા એક મોત અંગે પોલીસે આદરેલી તપાસ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

કાપોદ્રા ખાતે રહેતો ૧૭ વર્ષીય કિશોર ગઈ કાલે પુણા પોલીસ ચોકી પાસે ભેદી સંજોગોમાં બેભાન હાલતમાં મળી આવ્યા બાદ હોસ્પિટલમાં લઈ જતા તબીબે મૃત જાહેર કરતા ચકચાર મચી જવા પામી હતી.

પોલીસ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર કાપોદ્રાની રામકૃષ્ણ કોલોનીમાં રહેતો આશિષ વિજયભાઈ રાઠોડ (ઉં.વ. ૧૭) રવિવારે સાંજના અરસામાં પુણાગામ પોલીસ ચોકી પાસે બેભાન હાલતમાં મળી આવ્યો હતો.

ઘટનાની જાણ થતા ૧૦૮ ઈમરજન્સી સેવા તાત્કાલિક સ્થળ પર પહોંચી કિશોરને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. જોકે, હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના ડોક્ટરએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. હાલ એ.એસ.આઈ. કિંજલબેન દિલીપભાઈ દ્વારા આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી કિશોરના મોતના સાચા કારણની તપાસ શરૂ કરવામાં આવી હતી. ૧૭ વર્ષિય છોકરો બેહોશ મળી આવ્યા બાદ મૃત્યુ પામતા આ પોલીસે તપાસ હાથ ધરીને મૃતકના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવવા માટેની તૈયારીઓ હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

ઘણા લાંબા સમયથી સુરતમાં બાળકોની વયસ્ક વયના લોકોમાં એકાએક મૃત્યુ થવાના પ્રમાણમાં નોંધપાત્ર વધારો થયો છે. એકાએક ઢળી પડતા લોકો મૃત્યુ પામવાની ઘટના વચ્ચે કાપોદ્રામાં જાહેર રસ્તા પરથી બેહોશ મળી આવેલા ૧૭ વર્ષના છોકરાનું રહસ્યમ મોત નિપજયું છે. પોલીસ દ્વારા મૃતક છોકરાનું પીએમ કરાવવામાં આવશે અને પીએમ રિપોર્ટના આધારે મોતનું સાચુ કારણ જાણી શકાશે.

# અંકલેશ્વર-જંબુસરમાં ઝરમર વરસાદ પડતા વાતાવરણ ઠંડુ

### વહેલી સવારે ગાંધીનગરના કેટલાક વિસ્તારોમાં વરસાદ

**અમદાવાદ, તા.૨૩**

૨૦ ફેબ્રુઆરીએ રાજ્યના અનેક જિલ્લાઓમાં ખાબકેલા કમોસમી વરસાદ બાદ આજે (૨૩ ફેબ્રુઆરી) વહેલી સવારે ભરૂચ જિલ્લાના અંકલેશ્વર, જંબુસર સહિતના તાલુકાઓમાં અને ગાંધીનગરમાં પણ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. ધીમી ધારે વરસાદની શરૂઆત થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે. ઠંડા પવન સાથે શરૂ થયેલા ઝરમર વરસાદે ખેડૂતોની ચિંતા વધારી છે. કાપણી માટે તૈયાર ઊભા પાકને નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. ખાસ કરીને ઘઉં, કપાસ, તુવેર અને શાકભાજીના પાકને નુકસાન થવાની શક્યતા છે.

તો બીજી તરફ હવામાન વિભાગ દ્વારા સુરત, તાપી, ભરૂચ, નર્મદા અને છોટાઉદેપુરમાં આગામી ૩ કલાક એટલે કે ૧૧ વાગ્યા સુધી યેલો એલર્ટ સાથે હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે.

રાજ્યમાં બદલાતા હવામાન વચ્ચે હવામાન વિભાગ દ્વારા આગામી એક અઠવાડિયા માટેની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, સમગ્ર રાજ્યમાં આગામી સાત દિવસ દરમિયાન વાતાવરણ મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના છે, જોકે ઉત્તર-

અનુસંધાન પાના ૭ પર

# લિંબાયત ઝોનમાં બેફામ ભ્રષ્ટાચાર ઝોનલ ચીફ સામે તપાસ યોજવા માગ

## નિલેશ પટેલ વિરુદ્ધ એસીબીમાં ફરિયાદ કરી ફોજદારી કરાવી પારદર્શક વહીવટ ચલાવવા પાયલ સાકરિયાએ મનપા કમિશનરને પત્ર લખ્યો

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

સુરત મહાનગરપાલિકાના લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર સહિત જવાબદાર અધિકારીઓ તેમજ તેમના મળતિયાઓ દ્વારા ગેરકાયદેસર મંડળી રચીને પ્રજાને રંજાડીને તોડ કરવાની ઘટનામાં ગત તા.૨૦/૦૨/૨૦૨૬ ના રોજ લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા તેમજ કથિત પત્રકાર મહંમદ ઈસ્માઈલ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણ અને અન્ય ૩ થી વધુ વ્યકિતઓના મેળાપીણામાં આર્થિક શોષણના ભાગરૂપે લાંચની રકમ ઉઘરાવતા એન્ટી કરપ્શન બ્યુરોના ટ્રેપમાં સપડાયા છે તેમજ મુદ્દામાલ સહિત ભુર્ગભમાં ઉતરી જતા ફરાર જાહેર કરેલ છે. આ ઘટના બાબતે સુરત મનપા વિપક્ષ નેતા પાયલ સાકરિયાએ મ્યુનિ. કમિશનરને પત્ર લખી જણાવ્યું હતું કે, ઉપરોક્ત ઘટનામાં પાલિકામાં ચાલતો ભ્રષ્ટાચાર બહાર આવેલ છે ત્યારે કાર્યપાલક ઈજનેર વિપુલ ગણેશવાલા સહિત સંબંધિત અધિકારીઓ દ્વારા બેફામપણે કરવામાં આવતા ઉઘરાણાંઓ બદલ લિંબાયત ઝોનના ઝોનલચીફ પણ તેટલે અંશે જવાબદાર કારણ કે, પારદર્શક અને ભ્રષ્ટાચાર મુકત વહીવટી કાર્યપધ્ધતિનો અમલ કરાવવાની જવાબદારી ઝોનલચીફની છે.

વધુમાં પાયલ સાકરિયાએ જણાવ્યું હતું કે, લિંબાયત ઝોનના ઝોનલચીફ તરીકે ફરજ બજાવતા નિલેશ પટેલે ભ્રષ્ટચારીઓ સાથે સામેલ હોય ઝોનમાં ચાલી રહેલ ઉઘાડી લુંટ સામે મુકસંમતિ દાખવતા કોઈપણ પ્રકારની કાર્યવાહી તેમની વિરુધ્ધ કરેલ નથી પરિણામે વિસ્તારના લોકોની ઉઘાડીનો ભોગ બની રહેલ છે ત્યારે ઉકત કેસમાં ફરાર લિંબાયત ઝોનના કાર્યપાલક ઈજનેર સહિત જવાબદાર ઝોનલચીફ સામે પણ ફરજમાં બેદરકારી તેમજ

અનુસંધાન પાના ૭ પર



અડાજણ વિસ્તારમાં નિર્માણધિન હોસ્પિટલ સાઈટ પર ડાયાફ્રામ વોલ ઘસી પડવાની દુર્ઘટના સર્જાઈ હતી. ટીપી ૩૧ ફાઈનલ પ્લોટ નં.૩૦ પર આઈટી ભવન સામે હોસ્પિટલના નિર્માણનું કાર્ય ચાલી રહ્યું છે. આ દરમિયાન ડાયાફ્રામ દિવાલ તૂટી પડી હતી સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાની થઈ નથી. (તસવીર : હનીફ મલેક)

# ચેક રીટર્ન કેસમાં પંકજ કેશવાનીને એક વર્ષની કેદ

### ચેકની રકમ ૯ ટકા વ્યાજ સાથે ફરિયાદીને ચુકવી આપવા હુકમ

સુરત, તા.૨૩

ઉધના વિસ્તારમાં રહેતા જય જગદીશભાઈ જોશીએ (ઠે. ઘર નંબર ૧૨, પહેલો માળ, રણછોડ નગર, હરી નગર-૨ પાસે, (ઉધના, સુરત) નાઓએ પંકજ મનોહર કેશવાનીવિરૂદ્ધ કોર્ટમાં કોર્ટમાં ફરિયાદ કરી હતી. ફરિયાદ મુજબ જય જગદીશભાઈ જોશીએ આરોપી નામે પંકજ મનોહર કેશવાની (રહે—સી/૬/૩૦૪, સ્મ્રુતી રેસીડેન્સી, શિવ ધરા રો હાઉસની પાછળ, પાલ, સુરત) ને એક લાખ પાસઠ હજારની કિંમતનો માલ ઉધારમાં આપ્યો હતો. જે રકમની ચુકવણી પેટે આરોપીએ રૂ. ૧,૭૫,૦૦૦નો ચેક આપ્યો હતો. જે ચેક બેકમાં જમા કરાવતા રિટર્ન થતા નામદાર કોર્ટ ખાતે વ્યકિલ ફેનિલ ડી. માસ્ટર અને પ્રેમ એ. જરીવાલા મારફતે ફરિયાદ કરેલ હતી. આરોપી તેમના વકીલ મારફત કોર્ટમાં આ કેસમાં તેને માલ મળેલ નથી અને તેના ચેકનો ફરિયાદીએ દૂર ઉપયોગ કરેલ છે તેવા ખોટા બચાવ લઈ કોર્ટ સમક્ષ પોતે નિર્દોષ હોવાની રજૂઆત કરી હતી અને ત્યાર બાદ આરોપી પોતે કોર્ટ સમક્ષ હાજર રહેલ નહીં, દરમિયાન ફરિયાદી તરફે ફેનિલ ડી. માસ્ટર અને પ્રેમ એ. જરીવાલા હાજર રહી ફરિયાદી દ્વારા આરોપીને માલ આપેલ હોવા બાબતે આરોપી દ્વારા પોતે કરાર પણ કરી આપેલ છે, અને આવા સંજોગોમાં ફરિયાદીનું કાયદેસરનું લેણું હોવાની હકીકત ફરિયાદી પુરવાર કરવાંમાં સફળ ગયેલ હોય તેમજ આરોપી પોતે તેઓના બચાવ સમયે કોર્ટમાં હાજર રહેલ ન હોઈ, જેથી કોર્ટે આરોપીની હાજરી અને ઈચ્છાને મોહતાજ નથી તેવું નોંધીને આવા કેસમાં સજા કરવાથી ફરિયાદીને ન્યાય મળશે. જે દલીલ માન્ય રાખી કોર્ટે આરોપીને યોગ્ય અને પૂરતી તક આપવા છતાં આરોપી હાજર ન રહેતા-આરોપીનો પુરાવા હક્ક બંધ કરીને તેને એક વર્ષની સજા અને રિટર્ન ચેકની રકમ ૯% વ્યાજ સાથે ચુકવવા હુકમ કર્યા હતો. અને ગેરહાજર આરોપી વિરુદ્ધ ધરપકડ વોરન્ટ જારી કર્યા હતો.

# જહાંગીરપુરામાં લીફ્ટ ખોટકાતા ૧૧ વર્ષની છોકરી ફસાઈ ગઈ

### તાકીદે દોડી આવેલા ફાયર બ્રિગેડે છોકરીને હેમખેમ બહાર નીકાળી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૨૩**

શહેરના જહાંગીરપુરા વિસ્તારમાં આવેલી સગુન રેસિડેન્સીમાં ગઈકાલે રાત્રે એક ગભરાવી દેનારી ઘટના સામે આવી હતી. રેસિડેન્સીના પાંચમા માળે રહેતા સિંકેશ પટેલની ૧૧ વર્ષીય પુત્રી આહના લિફ્ટમાં જઈ રહી હતી, ત્યારે અચાનક ટેકનિકલ ખામી સર્જાતા લિફ્ટ ચોથા અને પાંચમા માળની વચ્ચે ફસાઈ ગઈ હતી.

લિફ્ટ જામ થઈ જતાં બાળકી ગભરાઈ ગઈ હતી અને પરિવારે તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ જહાંગીરપુરા ફાયર સ્ટેશનની ટીમ ગણતરીની મિનિટોમાં સ્થળ પર પહોંચી ગઈ હતી. ફાયરના જવાનોએ ભારે જહેમત બાદ લિફ્ટનો દરવાજો ખોલી આહનાને હેમખેમ બહાર કાઢી હતી. બાળકી સુરક્ષિત રીતે બહાર આવતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો અને ફાયર ટીમનો આભાર માન્યો હતો.